# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૧૭



૧૦૪મી
જન્મજયંતી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● અવસર મળતાં જ્યારથી આત્માએ વિભાવ પરિણતિ છોડીને નિજસ્વભાવનું ગ્રહણ કર્યું છે, ત્યારથી જે જે વાતો ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય હતી તે તે બધીનું ગ્રહણ કર્યું છે અને જે જે વાતો હેય અર્થાત્ ત્યાગવા યોગ્ય હતી તે તે બધી છોડી દીધી છે. હવે ગ્રહણ કરવા યોગ્ય અને છોડવાયોગ્ય કાંઈ રહી ગયું નથી અને નવું કામ કરવાનું બાકી હોય એવું પણ કાંઈ બાકી રહ્યું નથી, પરિગ્રહ છોડી દીધો, શરીર છોડી દીધું, વચનની ક્રિયાથી રહિત થયો, મનના વિકલ્પો છોડી દીધાં, ઈન્દ્રિયજનિત જ્ઞાન છોડ્યું અને આત્માને શુદ્ધ કર્યો. ૧૬૨૮.
(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, પદ—૧૦૯)

● જો શુદ્ધ દૃષ્ટિવંત (—સમ્યગ્દૃષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે. ૧૬૩૦. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર, શ્લોક-૨૧૨)

● દેહધારીઓનાં તે સુખ તથા દુઃખ કેવળ વાસનામાત્ર જ હોય છે. વળી તે (સુખ-દુઃખરૂપ) ભોગો આપત્તિના સમયે રોગોની જેમ (પ્રાણીઓને) ઉદ્વેજિત (આકુલિત) કરે છે. ૧૬૩૧. (શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૬)

● મનકી શુદ્ધતા હી એક મોક્ષમાર્ગમેં પ્રકાશ કરનેવાલી દીપિકા (ચિરાગ) હૈં. સો ઉસકો નિર્મલ ન પાનેસે અનેક મોક્ષમાર્ગી ચ્યુત હો ગયે. જિસ મનકી શુદ્ધતાકે હોતે હુએ અવિદ્યમાન ગુણ ભી વિદ્યમાન હો જાતે હૈં ઔર જિસકે ન હોતે વિદ્યમાન ગુણ ભી જાતે રહૈં વહી મનકી શુદ્ધિ પ્રશંસા કરને યોગ્ય હૈ. ૧૬૩૨.
(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૨, શ્લોક-૨૯-૩૦)

● તે એક જ પદ આસ્વાદ યોગ્ય છે કે જે વિપત્તિઓનું અપદ છે. (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી) અને જેની આગળ અન્ય (સર્વ) પદો અપદ જ ભાસે છે. ૧૬૩૩. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૩૯)

● સમ્યક્ત્વસહિત ઉત્તમ ધર્મયુક્ત જીવ ભલે તિર્યંચ હો તોપણ દેવપદને પ્રાપ્ત થાય છે તથા સમ્યક્ત્વ સહિત ઉત્તમ ધર્મથી ચાંડાલ પણ દેવોનો ઈન્દ્ર થાય છે. ૧૬૩૪ (સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૩૧)

વર્ષ–૧૧
અંક–૧૨




વિ. સંવત
૨૦૭૩
August
A.D. 2017



## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જ્ઞાનધારામાંથી વહેલા ગુરુભક્તિપૂર્ણ તત્ત્વરસભર આધ્યાત્મિક ઉદ્‌ગાર

● વિભાવને હું કરું છું—એવી કર્તાબુદ્ધિ અનાદિની છે. કર્તાબુદ્ધિ તોડીને જ્ઞાતાબુદ્ધિ કર્યા પછી પણ અસ્થિરતા રહે છે. પરંતુ સ્વભાવની ધારા જેમ ઉગ્ર થતી જાય છે તેમ વિભાવ પણ અલ્પ અલ્પ થતો જાય છે. સ્વભાવની ધારા પ્રગટ કર, તો સ્વભાવની ધારામાં વિભાવ બધો ક્ષય થઈને કેવળજ્ઞાન થશે. મુનિ તો વારંવાર ચેતન...ચેતન...ચેતનદેવના દર્શન કરે છે ને વારંવાર સ્વાનુભૂતિનો સ્વાદ લે છે.

● સાધક જીવને જિનેન્દ્રદેવ પ્રત્યે એવો ભક્તિભાવ આવે છે કે—હે જિનેન્દ્રદેવ! આપના પ્રતાપથી જ મારા અંતરમાં જ્ઞાયકદેવ પધાર્યા છે. સાથે સાથે સાધકનું પરિણમન 'જ્ઞાયકદેવ' પ્રત્યે પણ નિરંતર ઢળેલું હોય છે જે જાણે કે એમ કહી રહ્યું છે કે—'પધારો, જ્ઞાયકદેવ! પધારો; મારા અંતરના મહેલાં બિરાજો. અનંત અનંત શક્તિઓથી પરિપૂર્ણ હે જ્ઞાયકદેવ! આપનો હું ક્યા પ્રકારે આદર કરું? આપને હું કઈ રીતથી વંદન કરું? આપનું હું કઈ વિધિથી પૂજન કરું?' અહીં, આદરણીય–વંદનીય–પૂજનીય પણ પોતે અને આદર કરનાર—વંદન કરનાર—પૂજન કરનાર પણ પોતે જ છે; બધું એકમાં જ છે, ભિન્ન ભિન્ન નથી.

● જિનેન્દ્રભક્તિ તો શું, પણ ગમે તે કાર્ય કરતાં, સાધકની દૃષ્ટિ જ્ઞાયકદેવ પર જ પડી હોય છે. દૃષ્ટિ જ્ઞાયકદેવમાં જામી તે જામી! ત્યાંથી પાછી ફરતી જ નથી!

બહારનાં નેત્ર ભલે જિનેન્દ્ર પર એકાગ્ર હોય પણ અંતરનાં નેત્ર તો ત્યારે પણ નિજજ્ઞાયકદેવ પરથી ખસતાં નથી. જ્ઞાયકદેવનાં દર્શન થતાં અનંત ગુણોમાં અંશે શુદ્ધિની પર્યાય પ્રગટ થઈ; હવે પૂર્ણતા લીધા વિના અંતરના નયન ત્યાંથી પાછા ફરે જ નહિ. દ્રવ્યદૃષ્ટિ જ્યાં ચોંટી ત્યાંથી પાછી ફરતી નથી. અંતરમાં પૂર્ણતા કર્યે જ છૂટકો. જેમ ભગવાનના દર્શન થતાં નેત્ર ત્યાં થંભી જાય છે, તેમ જ્ઞાયકદેવનાં દર્શન થતાં અંતરના નેત્ર-દૃષ્ટિ ત્યાં ચોંટી જાય છે. દૃષ્ટિ જામતાં જ્ઞાન પણ ત્યાં કથંચિત્ જામી ગયું. પછી ઉપયોગ અંદર અને બહાર એમ કરતાં કરતાં અંદરમાં પૂરો જતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અહો! જ્ઞાયકદેવનો અને જિનેન્દ્રદેવનો અપાર મહિમા છે.

● આ જે અદ્ભુત ચૈતન્યદેવ છે તે કાંઈ ખાલી નથી; તે તો અનંત ગુણરત્નોથી ભરપૂર ચમકતું તત્ત્વ છે. બાહ્યદૃષ્ટિવાળાઓએ તો આ સાંભળ્યું પણ નથી; બહારના ક્રિયાકાંડ ભલે કરે પણ એ તો ફોતરાં ખાંડવા જેવું છે, કસ તો અંદરમાં છે. બહારના પ્રયત્નથી શું વળે? અનંતગુણરત્નોથી તું ઠસોઠસ ભરેલો છે, તે ગુણરત્નોથી ચમકતા પદાર્થ પર દૃષ્ટિ દે તો તે પાવન પુરાણ પુરુષ પ્રગટ થશે. આત્મા ભગવત્સ્વરૂપ છે, પવિત્ર છે, નિર્વિકલ્પતત્ત્વ છે, અનંત ગુણરત્નોથી ચમકતો, ભરપૂર આ આત્મા, વિકલ્પોથી નહિ પણ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જ જણાય છે. સ્વયં જ્ઞાનમાં જણાય, વેદનમાં અનુભવાય—અનંત ગુણરત્નાકરમાં સ્વયં ડૂબી જાય તો અનંત સુખનો અનુભવ કરે—એવો છે. એને ક્યા શબ્દોમાં કહેવાય? કોઈ પુરુષ રત્નનો મહેલ જોઈને આવ્યો હોય અને પછી વાત કરે તો શું કહે? તે રત્નનો મહેલ તો ધૂળ છે, તેના માટે તો ઉપમા પણ હોય છે, પણ આને માટે શી ઉપમા હોઈ શકે? તેનું વર્ણન શું કરાય? આ તો અનુપમ તત્ત્વ છે!

● પૂજ્ય ગુરુદેવે બધાંને દ્રવ્યની જે સ્વતંત્રતા બતાવી છે તે તો કોઈ અલૌકિક છે. ગુરુદેવે દરેક દ્રવ્યની સ્વતંત્રતા દૃષ્ટાંતો આપી આપીને સમજાવી છે. દ્રવ્ય-ગુણ-પર્યાય બધું સ્વતંત્ર છે. સૌ દ્રવ્ય સ્વતંત્ર છે—ચૈતન્યનું ચૈતન્યમાં ને જડનું જડમાં. જડ સ્વતંત્ર છે, ચૈતન્ય સ્વતંત્ર છે; વિભાવરૂપ પર્યાય પણ આત્માનો સ્વભાવ નથી. મુક્તિનો માર્ગ અંતરમાં છે, બહાર નથી; તેનો અંશ પણ અંદરમાં છે ને પૂર્ણતા પણ અંદરમાં છે. આવો માર્ગ બતાવનારા આ પંચમકાળમાં–વિષમ કાળમાં–એક ગુરુદેવ જ હતા. એક ગુરુદેવનો આવા કાળમાં જન્મ થયો તે કેટલાયને રુચિ ઉત્પન્ન થઈ. બધા ક્રિયામાં ને શુભભાવમાં ધર્મ માનતા હતા; માર્ગ કોઈ જાણતું નહોતું, અભ્યંતરનો માર્ગ ગુરુદેવે બતાવ્યો.

● પુદ્ગલનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્ગલમાં ને તારાં દ્રવ્ય-ગુણ-પર્યાય તારામાં;—તું તેને કરી શકતો નથી ને તે તને કંઈ કરી શકતું નથી. પરદ્રવ્યનાં ને પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-

કાળ-ભાવ જુદાં છે, બધું જુદું છે. પોતાનું અસ્તિત્વ પોતામાં છે ને બીજાનું અસ્તિત્વ બીજામાં છે. પોતાના ચૈતન્ય–અસ્તિત્વને ગ્રહણ કરવું, તેમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો; તે જ કરવા જેવું છે. આ પર તરફના વાસમાં તને જે સુખ લાગે છે તે સુખબુદ્ધિ તોડીને ચૈતન્યમાં વાસ કરવો, અંદર તળિયે જઈને સુખનિધાન એવા પોતાના આત્માને ઓળખવો.

● મોક્ષમાર્ગમાં સાધ્યસાધકભાવના ભેદ વચ્ચે આવે છે, પણ તેમાંથી 'એક'ને જ સાધવાનો છે. દૃષ્ટિ એક આત્મા ઉપર જ છે. એકને સાધતાં અંતરમાં અનંત ગુણ સધાઈ જાય છે. બધાને જુદા જુદા સાધવા પડતા નથી. જીવને એમ થાય કે અનંતને કઈ રીતે પહોંચી વળીશ? પરંતુ તે અનંતને પહોંચવું પડતું નથી. 'એક'ને પહોંચી જા તો બધાને પહોંચી વળાશે. બધો ભંડાર એક શુદ્ધાત્મામાં જ ભરેલો છે. બસ, તે 'એક'ને પહોંચી જા. એક ચૈતન્યદેવની જે દિવ્યતાપૂર્ણ શક્તિ તેને ઓળખી લે. તેની દૃષ્ટિ કર. તે તરફ પરિણતિ કર. તેમાં જ દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના થશે. તેમાં જ તપની આરાધના થશે.

● આત્મામાં વિવિધ સ્વભાવો છે, તેમાંથી વિવિધ—અનેક પ્રકારની પર્યાયો તેમજ નિર્મળતાઓ પ્રગટે છે. જો સ્વભાવ પ્રગટ કરે તો તેને ક્રમશઃ તે નિર્મળતાઓ પ્રગટ થતી જાય છે અને મુનિદશા આવીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અનંત ગુણોથી ખીલેલો ચૈતન્યનો જે બાગ છે તે જ તેને રહેવાનું સ્થાન છે, તે જ તેને વિહાર કરવાનું સ્થાન છે. બાકી બધું બાહ્ય છે, તેને સુખનું—આનંદનું સ્થાન નથી, તોપણ તેણે આનંદ માન્યો છે તે માત્ર તેની કલ્પના છે.

● જ્ઞાયકને ઓળખવો, તેની મહિમા કરવી, તેનો અભ્યાસ કરવો અને તેમાં લીનતા કરવી. તે કરવાથી ચૈતન્ય પ્રગટ થયા પછી–ચૈતન્યની અદ્‌ભુત દશા પછી–ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. તેને ગમે તે કાર્યમાં–વિકલ્પમાં આવ્યો હોય તોપણ –જ્ઞાતાધારા છૂટતી નથી. જાગતાં, સૂતાં, સપનામાં, ખાતાં–પીતાં તેને જ્ઞાયકની ધારા છૂટતી નથી, ને નિર્વિકલ્પદશા તરફ તેની પરિણતિ, તેની દશા પ્રમાણે, સહજ રહે છે. મુનિઓની દશા તો વારંવાર તેમાં જાય છે. એવું ચૈતન્યનું સ્વરૂપ, એવી ચૈતન્ય તરફની દિશા, જગતથી તેની કોઈ જુદી જ દુનિયા! ચૈતન્યની દુનિયા! તે જ પ્રગટ કરવા જેવી છે; તે જ જીવનનું કર્તવ્ય છે, તે જ ગુરુદેવે બતાવ્યું છે. આ ભરતક્ષેત્રની અંદર આ વાત કોઈ જાણતું ન હતું બધા ક્રિયાકાંડમાં પડેલા હતા. શુભભાવના કારણરૂપ ક્રિયા અને શુભભાવથી ધર્મ થાય—એમ માનનારા હતા.

● પોતે પોતામાં રહેનારો પૂર્ણસ્વભાવી શાશ્વતો ચૈતન્ય પદાર્થ છે, પણ તેની દૃષ્ટિ વિભાવમાં ગઈ છે. તેથી તેના જ્ઞાનની શક્તિઓ તેમ જ અન્ય શક્તિઓ ઓછી અથવા વિકારી થઈ ગઈ છે, પર્યાયની પ્રગટતા નથી. સ્વભાવ તો પૂર્ણ છે, પર્યાયની શક્તિ ઓછી થઈ છે. માટે સ્વભાવથી પરિપૂર્ણ એવો જે આત્મા, તેના તરફ દૃષ્ટિ કરવી, તેનું જ્ઞાન કરવું અને તેના તરફ લીનતા કરવી એ જ જીવનમાં કરવા જેવું છે.

● અનાદિ કાળથી જીવ પોતે બહાર ભટકી રહ્યો છે. બહારથી સુખ મળે છે, બધુંય બહારથી મળે છે એમ માની–માનીને બહારમાં ભટકે છે. પરંતુ સુખ તો આત્મામાં જ ભરેલું છે. જ્ઞાન પણ આત્મામાં છે. એવા અનંત ગુણો આત્મામાં છે કે જેમની પર્યાયો અનંતકાળ સુધી તેમાં પરિણમ્યા કરે તોપણ તે અનંત અગાધતાથી ભરપૂર સમુદ્ર પરિપૂર્ણ–નિયત રહે છે. આ આત્મા એક સ્વતઃસિદ્ધ સહજ વસ્તુ છે, તેથી તેનો સ્વભાવ અનંત અનંતતાથી ભરપૂર છે. તેમાં અનંત શક્તિવાળા અનંત ગુણો છે. દરેક ગુણની અનંત શક્તિ, તેમાં અનંતકાળ સુધી પરિણમન થતું રહે તોપણ, પરિપૂર્ણ–નિયત રહે છે.

● આત્માને—એકત્વવિભક્ત શુદ્ધાત્માને—ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો. દરેક કાર્યમાં શુદ્ધાત્મા જે રીતે ગ્રહાય તે રીતનો ઉદ્યમ રાખવો. છ દ્રવ્યમાં એક શુદ્ધાત્મા, નવ તત્ત્વમાં પણ એક શુદ્ધાત્મા ગ્રહવાયોગ્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ આલંબનભૂત એક શુદ્ધાત્મા જ છે. બસ, એક શુદ્ધાત્માને ગ્રહણ કરવો. એ શુદ્ધાત્મા પરથી ને વિભાવથી વિભક્ત છે અને ભેદભાવોથી પણ ન્યારો છે, તોપણ આત્મામાં વચ્ચે સાધકદશાની પર્યાયો આવ્યા વગર રહેતી નથી એવું જ્ઞાન કરવું, એ શુદ્ધાત્માને યથાર્થ ગ્રહણ કરી, એની પ્રતીતિ અને એમાં લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, અને એ સ્વાનુભૂતિ જ આત્માએ જીવનમાં પ્રાપ્ત કરવા યોગ્ય છે.

● શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે. આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે !' ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા ? જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા;—પાત્ર જીવોના પુરુષાર્થ ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવશ્રીની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




હે જીવ ! પુણ્ય-પાપરૂપી ઘંટીના બે પડ વચ્ચે અનંતકાળથી તું પિલાઈ રહ્યો છે, તેથી હવે તો તેનો પરિચય છોડ.

સ્વભાવને છોડીને રાગ કરવો ને ભોગવવો તે તો અનાદિથી આ જીવ કરતો આવ્યો છે; આવી કામભોગસંબંધી બંધકથા અનંતવાર સાંભળી છે, પરિચયમાં આવી છે અને અનુભવી છે; તેથી તે સુલભ છે, પરંતુ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું કદીયે સાંભળવામાં આવ્યું નથી. પરિચયમાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી; તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.

અહીં (સમયસાર શાસ્ત્રમાં) ચોથી ગાથા દ્વારા અજ્ઞાની જીવને એકત્વની દુર્લભતા છે તે બતાવે છે.

**શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા,**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪**

અર્થ :—સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે; તેથી સુલભ છે; પણ ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી એક તે સુલભ નથી.

સર્વ લોકને અર્થાત્ એકેન્દ્રિયથી માંડીને અજ્ઞાની પંચેન્દ્રિય સુધીના સમસ્ત જીવોને કામભોગસંબંધી બંધની કથા અનંતવાર સાંભળવામાં, પરિચયમાં અને અનુભવમાં આવી ગઈ છે, એટલે કે ઈચ્છા ને ઈચ્છાનું ભોગવવું તે સંબંધી બંધની કથા—તે સંબંધી વિકલ્પો—અનંતવાર સાંભળવામાં, પરિચયમાં તથા અનુભવમાં આવી ગઈ છે. સ્વભાવને છોડીને અનાદિથી રાગ કરવો ને ભોગવવો તે જ કરતો આવ્યો છે,

**પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,**
**આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯. —શ્રી સમયસાર**

તેની જ આદત પડી ગઈ છે; તેથી તે સુલભ છે. પરંતુ રાગથી ભિન્ન એવી નિર્મળ દશા દ્વારા ધ્યેયરૂપ ત્રિકાળી દ્રવ્યમાં જવાય છે—આશ્રય લેવાય છે, તે વાત કદી સાંભળી નથી. સાંભળી નથી એટલે ? એમ તો અનંતવાર ભગવાનના સમસવરણમાં જઈને આ વાત સાંભળી આવ્યો છે, પરંતુ પોતાની પર્યાયદૃષ્ટિ છોડીને ભગવાને જે નિજ કારણપરમાત્મતત્ત્વની દૃષ્ટિ કરવાનું કહ્યું, તેની દૃષ્ટિ કદી કરી નથી, તેથી તે વાત તેણે સાંભળી જ નથી એમ કહ્યું. ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, અનુભવ્યું નથી; તેથી તે એક સુલભ નથી, દુર્લભ છે.

શ્રી પદ્મનંદિપંચવિંશતિકામાં આચાર્યદેવ કહે છે કે—

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद् भव्यो भाविनिर्वाणभाजनम् ।।

અર્થ :—જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.

આ સમસ્ત જીવલોકને અર્થાત્ નિગોદના જીવથી માંડીને અજ્ઞાની પંચેન્દ્રિય સુધીના સમસ્ત જીવોને કામભોગસંબંધી બંધની કથા અર્થાત્ રાગનું સાંભળવું વગેરે થયું છે. નિત્યનિગોદનો જીવ કે જે અનાદિથી નિગોદમાં જ છે ને અનંતકાળ સુધી નિગોદમાં જ રહેવાનો છે, એણે પણ કામભોગસંબંધી બંધકથા અનંતવાર સાંભળી છે, પરિચયમાં આવી છે, અનુભવ કર્યો છે. કેવી રીતે ?—કે મિથ્યાત્વ અને કષાયભાવરૂપ—શુભાશુભભાવરૂપ પરિણમન કરવું તે જ બંધકથાનું સાંભળવું વગેરે છે. નિગોદના જીવને પણ કામભોગનું મૂળ એવા રાગાદિ ભાવરૂપ પરિણમન ને તેનું વેદન અનાદિથી છે, તેથી અનંતવાર તેણે કામભોગસંબંધી વિકથા સાંભળી છે, પરિચય કર્યો છે, અનુભવી છે.

કામભોગસંબંધી બંધકથા એકપણાથી વિરુદ્ધ છે; સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્યચમત્કારરૂપ પોતાના આત્માનું જે એકપણું તેનાથી તે વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે, આત્માનું અત્યંત બૂરું કરનારી છે; તોપણ પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે, અનંતવાર પરિચયમાં આવી છે અને અનંતવાર અનુભવમાં પણ આવી ચૂકી છે.

**સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦. –શ્રી સમયસાર**

કેવો છે જીવલોક? કે જેમ ઘંટીના બે પડ વચ્ચે દાણા પિલાય તેમ સંસારરૂપી ચક્રના મધ્યમાં તે સ્થિત છે—દુઃખથી પિલાય છે. નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવરૂપ અનંત પરાવર્તનોને લીધે તેને ભ્રમણ પ્રાપ્ત થયું છે. એકલો ત્રિકાળી આનંદનો નાથ એવો જે નિજ આત્મા તેની દૃષ્ટિ વિના અજ્ઞાની જીવ પંચપરાવર્તનરૂપ પરિભ્રમણના ચકરાવામાં ક્રમશઃ અનંતવાર કર્મનોકર્મયોગ્ય સર્વ પુદ્‌ગલદ્રવ્યોનાં ગ્રહણ-ત્યાગરૂપ સંબંધમાં, અનંતવાર લોકાકાશની શ્રેણીરૂપ ક્ષેત્રપ્રદેશોમાં, અનંતવાર ઉત્સર્પિણી-અવસર્પિણીરૂપ કાળચક્રના સમયોમાં, અનંતવાર શુભાશુભ સર્વ ભાવોરૂપે તથા અનંતવાર ચોરાશી લાખ યોનિના ભવોમાં જન્મ-મરણ ધારણ કરીને અનંત અનંત દુઃખ પામ્યો છે. અરે! મહાન દુર્લભ મનુષ્યભવ પામી દ્રવ્યલિંગી સાધુ થઈને પણ શુભપરિણામના બળે નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર ઉપજી આવ્યો, પણ પોતાના એકત્વ-વિભક્ત સ્વરૂપના ભાન વિના ત્યાંથી મરીને સંસારચક્રમાં પરિભ્રમણ કરી દુઃખી થઈ રહ્યો છે. આ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ને ભવરૂપ પાંચ પરાવર્તનોને લીધે તેને ભ્રમણ પ્રાપ્ત થયું છે.

વળી કેવો છે જીવલોક?—કે સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનારું મિથ્યાત્વરૂપી-મોહરૂપી ભૂત તેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે; પરના કર્તૃત્વપણાનો ભાર વહેવડાવે છે. શુભાશુભભાવ તે જ મારું કાર્ય છે એમ માનીને આ 'છોડ્યું ને આ ગ્રહ્યું.' એવા મિથ્યા અભિપ્રાયરૂપી મોટું ભૂત સમસ્ત વિશ્વને વળગ્યું છે. ભગવાન આનંદનો નાથ પોતે છે, તેને ન જોતાં પરસન્મુખ થઈને ઢોરની જેમ ભાર વહ્યે જાય છે. સંસારના આ કાર્યો કરી લઉં, આમ કરવાથી કીર્તિ વધશે ને આમ કરવાથી ધન વધશે. એમ આખો ભવ પરનાં કાર્ય 'કરું-કરું' નો બોજો વહ્યા કરે છે. ભગવાન અભેદસ્વરૂપ શુદ્ધ ચિદાનંદનો નાથ પોતે છે તેમાં એકપણું સ્થાપવાને બદલે રાગ ને વિકલ્પની વૃત્તિઓમાં જ એકાકાર થઈને સંસારચક્રમાં પરિભ્રમણ કરી દુઃખ પામી રહ્યો છે.

સમસ્ત જીવલોકને મિથ્યા અભિપ્રાય વડે ભ્રમણા ઉત્પન્ન થવાથી તૃષ્ણા ફાટી નીકળી છે. વૃત્તિઓ ઊઠ્યા જ કરે છે કે 'આ કરું, આ કરું' અતીન્દ્રિય સ્વભાવ તરફ ઝુકાવ નહીં થવાથી પાંચ ઈન્દ્રિયોના વિષયોને મેળવવાની ઝંખનાથી દાહમાં સળગી રહ્યો છે. જેમ આકરો રોગ ફાટી નીકળતા ખૂબ દાહ પામે છે તેમ તૃષ્ણારૂપી દાવાનળ ફાટી

> **અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,**
> **તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.** —**શ્રી સમયસાર**

નીકળ્યો હોવાથી વિષયોને પામી લઉં ને ઝટ ભોગવી લઉં એવી ચાહનાની દાહમાં સમસ્ત જીવલોક સળગી રહ્યો છે. આમ તૃષ્ણાથી આકુળ-વ્યાકુળ થઈને મૃગજળ જેવા ઇન્દ્રિયવિષયોને ઘેરો ઘાલે છે. જેમ અગ્નિમાં ઘી હોમવાથી અગ્નિ શાંત થતી નથી પણ વધુ પ્રજ્વલિત થાય છે તેમ તૃષ્ણારૂપી અગ્નિ વિષયોની પ્રાપ્તિ વડે વધુમાં વધુ તીવ્ર થાય છે. તેથી જાણે એકીસાથે પાંચે ઇન્દ્રિયોના વિષયને ઝટ ભોગવી લઉં એવી આકુળતાથી પોતે બળી રહ્યો છે. વળી પરસ્પર આચાર્યપણું કરે છે એટલે કે પરસ્પર એકબીજાને તેમ કરવાની પ્રેરણા, શિખામણ આપે છે. પરંતુ સૂકું હાકડું ચાવતો કૂતરો પોતાના પેઢામાંથી વહેતા લોહીનો સ્વાદ ભોગવતો થકો આનંદિત થાય છે તેમ વિષયોને મેળવવાની ને ભોગવવાની બળતરામાં પોતાના આત્માની શાંતિ હણાઈને જે રાગ ઉત્પન્ન થાય છે તેને જ જીવ ભોગવે છે, વિષયોને બિલકુલ ભોગવતો જ નથી.

આ રીતે કામભોગસંબંધી બંધ કથાને સમસ્ત જીવલોક અનંતવાર સાંભળી ચૂક્યો છે, પરિચય કરી ચૂક્યો છે ને અનુભવ કરી ચૂક્યો છે તેથી તે સુખે પ્રાપ્ત છે, સુલભ છે. પરંતુ, જે સદા અંતરંગમાં પ્રગટ પ્રકાશમાન છે એવું આત્માનું એકપણું નિર્મળ ભેદજ્ઞાન વડે દેખાય તેવું છે, તે વાત રુચિપૂર્વક કદી સાંભળી નથી, પરિચય કર્યો નથી, અનુભવ કર્યો નથી, તેથી તે અસુલભ છે, દુર્લભ છે. રાગથી ભિન્ન પડીને ચૈતન્યચમત્કાર જ્ઞાયક આત્મામાં એકપણું કદી કર્યું નથી. ભેદજ્ઞાનરૂપ પ્રકાશ વડે અંતરંગમાં સદાય પ્રગટપણે પ્રકાશમાન વસ્તુ પડી છે તે દેખાય એવી હોવા છતાં રાગના—વિકલ્પના સમૂહ સાથે એકરૂપ જેવી કરવામાં આવતી હોવાથી વસ્તુ અત્યંત તિરોભાવ પામી છે, ઢંકાઈ ગઈ છે. વસ્તુ તો વસ્તુપણે જ હોવા છતાં પરમાં એકાકારપણા વડે ઢાંકી દીધી છે. કર્મના જોરથી વસ્તુ દેખાતી નથી—એમ નથી, પરંતુ પોતે રાગ સાથે એકાકારપણું સેવતો હોવાથી તેની દૃષ્ટિમાં વસ્તુ દેખાતી નથી.

એ રીતે પોતે આત્માને જાણતો નહીં હોવાથી ને આત્માને જાણનારાઓની સંગતિ નહીં કરવાથી એટલે કે આત્માના જાણનારના ઉપદેશ પ્રમાણે આત્માને જાણવાનો પ્રયત્ન નહીં કર્યો હોવાથી, આત્માનું એકપણું પૂર્વે કદી સાંભળ્યું નથી, પૂર્વે કદી પરિચયમાં આવ્યું નથી અને પૂર્વે કદી અનુભવમાં આવ્યું નથી, તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી, દુર્લભ છે. *(ક્રમશઃ)*

**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨. —શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

નિર્જરાની વૃદ્ધિ શાથી થાય છે તે કહે છે :—

**उवसमभावतवाणं जह जह वड्ढी हवेइ साहूणं ।**
**तहं तह णिज्जर वड्ढी विसेसदो धम्मसुक्कादो ।।१०५।।**

**અર્થ :—**મુનિજનોને જેમ જેમ ઉપશમભાવ તથા તપની વૃદ્ધિ થાય છે તેમ તેમ નિર્જરાની પણ વૃદ્ધિ થાય છે. વળી ધર્મધ્યાન અને શુક્લધ્યાનથી તો વિશેષ વૃદ્ધિ થાય છે. ૧૦૫.

એ નિર્જરાની વૃદ્ધિનાં સ્થાનો કહે છે :—

**मिच्छादो सद्दिट्ठी असंखगुणकम्मणिज्जरा होदि ।**
**तत्तो अणुवयधारी तत्तो य महव्वई णाणी ।।१०६।।**

**पढमकसायचउण्हं विजोजओ तह य खवयसीलो य ।**
**दंसणमोहतियस्स य तत्तो उवसमगचत्तारि ।।१०७।।**

**खवगो य खीणमोहो सजोइणाहो तहा अजोईया ।**
**एदे उवरिं उवरिं असंखगुणकम्मणिज्जरया ।।१०८।।**

**અર્થ :—**પ્રથમોપશમસમ્યક્ત્વની ઉત્પત્તિ વખતે ત્રણ કરણવર્તી (અધઃકરણ-અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ એ ત્રણ કરણમાં વર્તતા) વિશુદ્ધપરિણામ સહિત મિથ્યાદૃષ્ટિને જે નિર્જરા થાય છે, તેનાથી અસંયત સમ્યગ્દૃષ્ટિને અસંખ્યાત ગણી નિર્જરા થાય છે. તેનાથી દેશવ્રતી શ્રાવકને અસંખ્યાત ગણી થાય છે અને તેનાથી મહાવ્રતી મુનિજનોને અસંખ્યાત ગણી થાય છે.

તેનાથી અનંતાનુબંધીકષાયનું વિસંયોજન કરવાવાળાને એટલે તેને અપ્રત્યાખ્યાનાવરણાદિરૂપે પરિણમાવનારને અસંખ્યાત ગણી થાય છે, તેનાથી દર્શનમોહનો ક્ષય

**જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,**
**સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩. –શ્રી સમયસાર**

કરવાવાળાને અસંખ્યાત ગણી થાય છે, તેનાથી ઉપશમશ્રેણીવાળા ત્રણ ગુણસ્થાનવર્તીને અસંખ્યાત ગણી થાય છે અને તેનાથી અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાનવાળાને અસંખ્યાત ગણી થાય છે.

તેનાથી ક્ષપકશ્રેણીવાળાને ત્રણ ગુણસ્થાનમાં અસંખ્યાત ગણી થાય છે, તેનાથી બારમા ક્ષીણમોહગુણસ્થાનમાં અસંખ્યાત ગણી થાય છે, તેનાથી સયોગકેવલીને અસંખ્યાત ગણી થાય છે, તથા તેનાથી અયોગકેવલીને અસંખ્યાત ગણી થાય છે. એ પ્રમાણે ઉપર ઉપર અસંખ્યાત ગુણાકારરૂપ નિર્જરા છે તેથી તેને ગુણશ્રેણી નિર્જરા કહીએ છીએ. ૧૦૬-૧૦૮.

જુઓ, બધાયમાં જ્ઞાનીની વાત લીધી છે.

(૧) હજી સમ્યગ્દર્શન પામ્યો ન હોય, પણ સમ્યગ્દર્શન પામવાની તૈયારી વખતે શુદ્ધ આત્માના વિચારની શ્રેણીએ ચડ્યો હોય, તેવા જીવને વિશુદ્ધ પરિણામથી નિર્જરા થાય છે, તેના કરતાં સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. જેની દૃષ્ટિ સાચી નથી, રાગમાં ધર્મ માને છે, બહારની ક્રિયાથી આત્માને લાભ માને છે તેવા જીવને તો આવી નિર્જરા થતી નથી; અનાદિનો અજ્ઞાની જીવ ધર્મ કરે તેમાં સૌથી પહેલાં ઉપશમ સમ્યગ્દર્શન પામે છે. તે વખતે તેને નિર્જરા શરૂ થાય છે. સત્સમાગમે શ્રવણ-મનન કરીને સન્મુખ થતાં ત્રણ કરણના વિશુદ્ધ પરિણામ થાય છે, તેનો કાળ અંતર્મુહૂર્તનો જ છે, ને ત્યાં નિર્જરા ગણવામાં આવે છે. આ પહેલા તત્ત્વની રુચિ-બહુમાન કરતાં કરતાં મિથ્યાત્વનો રસ મોળો-મંદ પડતો જાય છે, પણ તેને હજી નિર્જરામાં ગણવામાં આવતો નથી. ચૈતન્યના અંતરસ્વભાવ તરફ વલણ કરીને તેનો સાક્ષાત્કાર કરવા તૈયાર થયો ત્યાં અધઃકરણ વગેરેના વિશુદ્ધ પરિણામ થાય છે, ત્યારે જે કર્મની નિર્જરા થાય છે, તેના કરતાં અસંખ્યગુણી નિર્જરા ચોથા ગુણસ્થાને સમ્યક્દૃષ્ટિ થાય છે. ખરેખર અહીંથી જ મિથ્યાત્વનો સંવર થયો અને ગુણશ્રેણી નિર્જરા શરૂ થઈ.

પહેલા ગુણસ્થાને હોવા છતાં ચૈતન્યસ્વભાવની સન્મુખ થયો ને સમ્યગ્દર્શન પામવાની તૈયારી થઈ; ત્યાં અંતરર્મુહૂર્ત પહેલાં કંઈક વિશુદ્ધ પરિણામ થાય છે તેને નિર્જરા થાય છે, પણ તેના કરતાં અસંખ્યાતગુણી નિર્જરા સમ્યગ્દષ્ટિને થાય છે. લડાઈ વખતે કે અશુભ પરિણામ વખતે પણ અવિરતિ સમ્યગ્દષ્ટિને અસંખ્યગુણી નિર્જરા થાય છે.

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪. –શ્રી સમયસાર**

(૨) તે ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ કરતાં પાંચમા ગુણસ્થાનવાળા દેશવ્રતી શ્રાવકને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. ચોથા ગુણસ્થાનવાળો ધ્યાનમાં હોય ને પાંચમા ગુણસ્થાનવાળો ખાવા-પીવાના ભાવમાં હોય તે વખતે પણ તેને અંદરની એટલી અકષાય પરિણતિ વર્તે છે કે તેને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. તેને જ્ઞાયકભાવનું વિશેષ અવલંબન થઈ ગયું છે; બહારની ક્રિયા ઉપર નિર્જરા નથી.

(૩) વળી તે દેશવ્રતી શ્રાવક કરતા પણ છઠ્ઠા ગુણસ્થાનવાળા મહાવ્રતી મુનિઓને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે, તેમને જ્ઞાયકભાવનું એટલું અવલંબન થઈ ગયું છે કે ત્રણ કષાયનો નાશ થઈ ગયો છે, તેથી તેમને વિશેષ શુદ્ધતા થાય છે ને નિર્જરા પણ વિશેષ થાય છે.

(૪) ૪-૫, ૬-૭ ગુણસ્થાને અનંતાનુબંધી કષાયનું વિસંયોજન થાય છે, તે વખતે છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ કરતાં પણ વિશેષ નિર્જરા છે. આ વિસંયોજનનો કાળ અલ્પ છે. અલ્પજ્ઞ જીવથી તે પરિણામ પકડાય નહીં પણ અંદર શુદ્ધતા થતાં અનંતાનુબંધીનું વિસંયોજન થઈ જાય છે, તે વિસંયોજનના કાળ વખતે છઠ્ઠા ગુણસ્થાન કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

(૫) તેના કરતાં પણ દર્શનમોહનો ક્ષય કરનારા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે. કેવળી, શ્રુતકેવળીની સમીપમાં દર્શનમોહનો ક્ષય પ્રારંભ કરે તે વખતે ઉપર કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

(૬) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ કરતાં ઉપશમશ્રેણીવાળા જીવને આઠમા-નવમા-દશમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૭) તેનાથી અગિયારમા ગુણસ્થાને ઉપશાંત મોહવાળા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૮) તે અગિયારમા ગુણસ્થાન કરતાં ક્ષપકશ્રેણીવાળા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે. દસમા ગુણસ્થાને ઉપશમશ્રેણીવાળા જીવ કરતાં ક્ષપકશ્રેણીવાળા જીવને આઠમાં ગુણસ્થાને પણ અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૯) ક્ષપકશ્રેણીવાળા જીવ કરતા ક્ષીણમોહ જીવને બારમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા છે.

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;**
**રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.** **–શ્રી સમયસાર**

(૧૦) ક્ષીણમોહ જીવ કરતાં તેરમા ગુણસ્થાને સયોગકેવળીને અસંખ્યાતગુણી નિર્જરા છે.

બારમા ગુણસ્થાન કરતાં કેવળીને અકષાયભાવમાં કાંઈ ફેર નથી, પણ ત્યાં જ્ઞાન-દર્શન-વીર્ય પરિપૂર્ણ પ્રગટ્યાં છે, તેથી શુદ્ધતા ઘણી વધી ગઈ છે ને ત્યાં નિર્જરા પણ વધી ગઈ છે.

(૧૧) સયોગ કેવળી કરતાં પણ અયોગ કેવળીને ચૌદમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

આ પ્રમાણે નિર્જરાની વૃદ્ધિનો ક્રમ છે.

પ્રશ્ન :—નીચલા જીવો કરતાં કેવળીને વધારે નિર્જરા કહી, તો શું તેમને બીજા કરતાં વધારે અશુદ્ધતા હશે?

ઉત્તર :—ના, તેને તો ઘણા પરમાણુ ખરે છે, તે શુદ્ધતા ઘણી થઈ છે. ઘણા પરમાણુઓ ખરે છે એટલે થોડા બાકી રહે છે ને અશુદ્ધતા પણ થોડી છે. નીચલા જીવોને થોડા-થોડા કર્મો ખરે છે, એટલે ઘણાં કર્મો રહે છે ને ત્યાં અશુદ્ધતા વિશેષ છે. ઉપર-ઉપરનાં ગુણસ્થાને શુદ્ધતા વધી એટલે કર્મોની નિર્જરા પણ વધતી ગઈ.

જુઓ, ત્રિકાળી દ્રવ્યને પકડીને તેના અવલંબને પર્યાયમાં સમય-સમયની જે શુદ્ધતા વધે છે તેનું આ વર્ણન છે. સમયે-સમયે દ્રવ્યના અવલંબને શુદ્ધતા વધતી જાય છે ને કર્મો ખરતાં જાય છે. જ્યારે આત્મામાં શુદ્ધિ થવા માંડે ત્યારે એક સાથે બધી શુદ્ધતા થઈ જતી નથી પણ ક્રમે-ક્રમે શુદ્ધતા વધે છે—ને ક્રમે ક્રમે કર્મો ખરે છે, આનું નામ નિર્જરા છે.

સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદષ્ટિથી માંડીને અયોગ કેવળી સુધી ક્રમે-ક્રમે અસંખ્યાતગુણી નિર્જરા છે. ચોથા ગુણસ્થાનવાળાને પણ ગુણશ્રેણી નિર્જરા શરૂ થઈ જાય છે. ચૈતન્યસ્વભાવને પકડીને એકાગ્ર થયો ત્યાં શુદ્ધતા થવા માંડી ને અશુદ્ધતા ઘટવા માંડી, ત્યાં નિર્જરા શરૂ થઈ ગઈ. સમ્યક્ત્વસન્મુખ થયેલા જીવને પણ નિર્જરા ગણી છે.

સિદ્ધને તો નિર્જરા ન કહેવાય. ત્યાં કર્મ કે અશુદ્ધતા રહી નથી, તો નિર્જરા કોની થાય? ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે બધા કર્મોની પૂરી નિર્જરા થઈ ગઈ ને આત્માની શુદ્ધતા પૂર્ણ થઈ ગઈ. આ પ્રમાણે ગુણશ્રેણી નિર્જરાની વાત કરી. *(ક્રમશઃ)*

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬. –શ્રી સમયસાર**

# મોક્ષમાર્ગમાં નિશ્ચયસહિતનો વ્યવહારધર્મ સંમત છે

(શ્રી પદ્મનંદિપંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

મોક્ષમાં જ સાચું સુખ છે એમ જે સમજે તે રાગમાં કે પુણ્યફળમાં સુખ કેમ માને?—ન જ માને. જેની દૃષ્ટિ એકલા રાગમાં છે ને તેના ફળમાં જેને સુખ લાગે છે એને તો શુભભાવ સાથે પણ ભોગની અભિલાષા પડી છે, એટલે એવા શુભને મોક્ષમાર્ગમાં સંમત કરતા નથી. મોક્ષના સાધનનો વ્યવહાર તેને લાગુ પડતો નથી. ધર્મીને મોક્ષમાર્ગ સાધતાં સાધતાં વચ્ચે અભિલાષા વગર જે શુભરાગ કહ્યો તેમાં મોક્ષના સાધનનો વ્યવહાર લાગુ પડે છે. પણ પહેલેથી જ જે રાગને ઈષ્ટ માનીને ઊપડે છે તે રાગથી દૂર કેમ જશે? ને રાગ વગરના મોક્ષમાર્ગમાં ક્યાંથી આવશે? એવા જીવના શુભને તો 'ભોગહેતુધર્મ' સમયસારમાં કહ્યો છે, તેને 'મોક્ષહેતુધર્મ' કહેતા નથી. મોક્ષના હેતુભૂત સાચા ધર્મની અજ્ઞાનીને ઓળખાણ પણ નથી, રાગ વગરનું જ્ઞાન શું છે તેને તે જાણતો નથી, શુદ્ધ જ્ઞાનના અનુભવનો તેને અભાવ છે તેથી મોક્ષમાર્ગનો અભાવ છે. ધર્મીને શુદ્ધ જ્ઞાનના અનુભવસહિત જે શુભરાગ બાકી રહ્યો તેને વ્યવહારથી ધર્મ અથવા મોક્ષનું સાધન કહેવાય છે.

નીચેની સાધકભૂમિકામાં આવો વ્યવહાર છે ખરો, તેને જેમ છે તેમ માનવો જોઈએ.—આનો અર્થ એમ નથી કે એને જ ઉપાદેય માનીને સંતોષાઈ જવું. ખરેખર ઉપાદેય તો મોક્ષાર્થીને નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ જ છે. તેની સાથે તે—તે ભૂમિકામાં જે વ્યવહાર હોય તેને આદરણીય કહેવાય. તીર્થંકરદેવનો આદર કરવો, દર્શન-પૂજન કરવા, મુનિવરોની ભક્તિ, આહારદાન, સ્વાધ્યાય, અહિંસાદિ વ્રતોનું પાલન—એ બધો વ્યવહાર છે તે સાચો છે, માન્ય છે, આદરણીય છે; પણ નિશ્ચયદૃષ્ટિમાં શુદ્ધ આત્મા જ ઉપાદેય છે ને તેના જ આશ્રયે મોક્ષમાર્ગ છે.

વ્યવહારને એકાન્ત હેય કહીને કોઈ જીવ દેવદર્શન—પૂજન—ભક્તિ, મુનિ વગેરે ધર્માત્માનું બહુમાન, સ્વાધ્યાય, વ્રતાદિને છોડી દે ને અશુભને સેવે તે તો સ્વચ્છંદી ને પાપી છે; શુદ્ધાત્માના અનુભવમાં લીનતા થતાં એ બધો વ્યવહાર છૂટી જાય છે, પણ

> **'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે !**
> **નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે ? ૨૦૭.** —**શ્રી સમયસાર**

ત્યાર પહેલાં તો ભૂમિકાના પ્રમાણમાં વ્યવહારનાં પરિણામ હોય છે. શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ અને સાથે ભૂમિકા અનુસાર વ્યવહાર—એમ સાધકને બંને સાથે હોય છે. મોક્ષમાર્ગમાં આવા નિશ્ચય-વ્યવહાર હોય છે. કોઈ એકાન્ત ખેંચી જાય, એટલે કે નીચેની ભૂમિકામાં પણ વ્યવહારને ન સ્વીકારે, અથવા તો નિશ્ચય વગર તેને જ સર્વસ્વ માની લ્યે, તો તે બંને મિથ્યાદૃષ્ટિ છે, એકાંતવાદી છે, એને નિશ્ચયની કે વ્યવહારની ખબર નથી.

નય અને નિક્ષેપ સમ્યગ્જ્ઞાનમાં હોય છે, એટલે સમ્યગ્દૃષ્ટિને જ તે સાચા હોય છે. સ્વભાવદૃષ્ટિ થઈ ત્યારે સમ્યક્ભાવશ્રુત થયું, અને ત્યારે પ્રમાણ ને નય સાચા થયા. પછી નિશ્ચય શું ને વ્યવહાર શું—એની એને ખબર પડે. નિશ્ચયસાપેક્ષ વ્યવહાર, ધર્મીને જ હોય છે; અજ્ઞાનીને જે એકાન્ત વ્યવહાર છે તે સાચો માર્ગ નથી કે તે સાચો વ્યવહાર નથી. ધર્મી જીવ શુદ્ધતાને સાધતો ને વચ્ચે ભૂમિકાઅનુસાર વ્રતાદિ વ્યવહારને આચરતો અંતે અનંતસુખના ભંડારરૂપ મોક્ષને સાધે છે. આવો મોક્ષપુરુષાર્થ એ જ મુમુક્ષુનું પરમ કર્તવ્ય છે, એટલે કે વીતરાગતા તે કર્તવ્ય છે; રાગ તે કર્તવ્ય નથી. વીતરાગતા ન થાય ત્યાં સુધી ક્રમેક્રમે જેટલો રાગ ઘટે તેટલો ઘટાડવો તે પ્રયોજન છે. પહેલાં આવી વીતરાગી—સમ્યક્દૃષ્ટિ કરે પછી જ ધર્મમાં પગલું ભરાય, એના વગર તો, કળશટીકામાં પં. શ્રી રાજમલ્લજી કહે છે કે, 'मरके चूरा होते हुए बहुत कष्ट करते हैं तो करो, तथापि ऐसा करते हुए कर्मक्षय तो नहीं होता' જુઓ, ૩૦૦ વર્ષ પહેલાં પં. બનારસીદાસજીએ આ રાજમલજીને 'समयसार नाटकके मरमी' કહ્યા છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ)

દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે શુભરાગ કરવાનું કહેવાય, પણ ત્યાં રાગ કરાવવાનો હેતુ નથી પણ રાગ છોડાવવાનો હેતુ છે; જે રાગ ટળ્યો તેટલું પ્રયોજન છે, રાગ રહે તે પ્રયોજન નથી. પહેલાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કરીને પછી 'દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભરાગ પણ મારું સ્વરૂપ નહિ'—એમ રાગનો નકાર કરી વીતરાગ સ્વરૂપની શ્રદ્ધા કરે છે.

પ્રભુ ! તારી પ્રભુતા પ્રગટાવવા માટે, પહેલાં જેમને પ્રભુતા પ્રગટી છે એવા દેવ-ગુરુની ભક્તિ અને મહિમા ઓળખ. દેવ-ગુરુની ભક્તિ, મોટપ ન આવે અને જગતની મોટપ આવે ત્યાં સુધી તારી પ્રભુતા ઊઘડશે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધા તો જીવ અનંતવાર કરી ચૂક્યો છે પણ આ આત્માની શ્રદ્ધા અનંતકાળથી જીવે કરી નથી, —પરમાર્થ સમજ્યો નથી; શુભરાગમાં અટકી ગયો છે; તેથી જ સંસારમાં પરિભ્રમણ કરે છે. જો એકવાર પણ આત્માની યથાર્થ શ્રદ્ધા કરે તો જન્મ-મરણ ટળીને મોક્ષ થયા વગર રહે નહિ. (ક્રમશઃ)

# સત્‌ની પ્રાપ્તિ માટે અર્પણતા

આત્મા વહાલો ક્યારે થયો કહેવાય અર્થાત્ આત્માની દરકાર થઈ છે, એમ ક્યારે કહેવાય? પ્રથમ તો જે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા થઈ ગયા છે એવા અરિહંતદેવની સાચી પ્રીતિ થવી જોઈએ. વિષય-કષાય કે કુદેવાદિ પ્રત્યેનો રાગ તે તીવ્ર રાગ છે, તેને ટાળીને સાચા દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિ આદિમાં મંદરાગ કરવાનાં પણ જે જીવને ઠેકાણાં નથી તે જીવ તદ્દન રાગરહિત આત્મસ્વરૂપની શ્રદ્ધા ક્યાંથી લાવશે? જેનામાં પરમ ઉપકારી વીતરાગી દેવ-ગુરુ-ધર્મની ખાતર રાગ ઓછો કરવાની પણ ત્રેવડ નથી તે પોતાના આત્માની ખાતર તદ્દન રાગનો અભાવ કેમ કરી શકશે? જેનામાં બે પાઈ આપવાની તાકાત નથી તે બે લાખ રૂપિયા કેમ આપી શકશે? તેમ જેને દેવ-ગુરુની સાચી પ્રીતિ નથી—વ્યવહારમાં પણ હજી જેને રાગ ઘટાડવો પાલવતો નથી—તે નિશ્ચયમાં 'રાગ મારૂં સ્વરૂપ જ નથી' એવી પ્રતીતિ લાવશે ક્યાંથી? જેને દેવ-ગુરુની સાચી શ્રદ્ધા અને ભક્તિ નથી તેને તો નિશ્ચય-વ્યવહાર બેમાંથી એકેય સાચા નથી, માત્ર એકલો મૂઢભાવ પોષાય છે. તીવ્ર કષાય અને શુષ્કજ્ઞાનને તે સેવે છે. પ્રથમ દશામાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિનો શુભરાગ આવે કે દેવ-ગુરુ-ધર્મને માટે તૃષ્ણા ઘટાડી અર્પાઈ જાઉં; તેમને માટે શરીરના ચામડાં ઉતારી મોજડી કરાવું તોય તેમનો ઉપકાર પૂરો ન થાય—એમ પોતાના ભાવમાં સર્વસ્વ અર્પણતા આવ્યા વગર દેવ-ગુરુ-ધર્મની સાચી પ્રીતિ થાય નહિ; અને દેવ-ગુરુ-ધર્મની પ્રીતિ વગર આત્માની ઓળખાણ થાય નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને અર્પણતા આવ્યા વગર ત્રણકાળ ત્રણલોકમાં આત્માની સાક્ષી ઊગે નહિ કે આત્મામાં સ્વને માટે અર્પણતા આવી શકે નહિ.

એકવાર તું દેવ-ગુરુના ચરણે અર્પાઈ જા! પછી દેવ-ગુરુ જ તને તારામાં સમાઈ જવાની આજ્ઞા આપશે. એકવાર તો તું સત્‌ને શરણે ઝુકાઈ જા! તેની હા એ હા, અને તેની ના એ ના. તારી સત્‌ની અર્પણતા આવ્યા પછી સંત કહેશે કે તું પરિપૂર્ણ છે, તને અમારી જરૂર નથી, તું તારા સામે જો. એ જ આજ્ઞા છે અને એ જ ધર્મ છે.

એકવાર સત્‌ને ચરણે ઝુકાઈ જા, સાચા દેવ-ગુરુની અર્પણતા વગર આત્માનો ઉદ્ધાર થાય નહિ, પરંતુ તેનો જ આશ્રય માની બેસે તોપણ તે પરાશ્રયે આત્માનો ઉદ્ધાર થાય નહિ. આ રીતે પરમાર્થ સ્વરૂપમાં તો ભગવાન આત્મા એકલો જ છે, પરંતુ તે

**પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.** **–શ્રી સમયસાર**

પરમાર્થ સ્વરૂપને પહોંચી ન શકે ત્યાં, પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રને સ્વરૂપના આંગણે પધરાવવા તે વ્યવહાર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-પૂજા વગર એકલા નિશ્ચયની માત્ર વાતો કરનાર શુષ્કજ્ઞાની છે.

દેવ-ગુરુ-ધર્મને તો કોઈની ભક્તિની જરૂર નથી, પરંતુ જિજ્ઞાસુ જીવોને સાધક દશામાં અશુભરાગથી બચવા સત્‌નું બહુમાન આવ્યા વગર રહેતું નથી. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે "જો કે જ્ઞાની ભક્તિ ઈચ્છતા નથી, તોપણ તેમ કર્યા વિના મુમુક્ષુ જીવને કલ્યાણ થતું નથી; સંતોના હૃદયમાં રહેલું આ ગુપ્તરહસ્ય પાને ચડાવ્યું છે." સત્‌ના જિજ્ઞાસુને સત્ નિમિત્તરૂપ સત્પુરુષની ભક્તિનો ઉલ્લાસ આવ્યા વગર રહેતો નથી.

પ્રથમ તો ઉલ્લાસ આવે કે અહો! અત્યાર સુધીમાં અસંગ ચૈતન્યજ્યોત આત્માની વાત પણ ન બેસી અને સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાંથી પણ ગયો; આટલો કાળ વીતી ગયો;—એમ જિજ્ઞાસુને પૂર્વની ભૂલનો પશ્ચાત્તાપ થાય અને વર્તમાનમાં ઉલ્લાસ આવે, પણ એ દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આત્મસ્વભાવ પ્રગટ કરાવતો નથી. પ્રથમ તે રાગ આવે છે, પરંતુ 'આ રાગ પણ મારું સ્વરૂપ નથી' એમ સ્વભાવદ્રષ્ટિના જોરે અપૂર્વ આત્મભાન પ્રગટે છે.

ખરેખર તો દેવ-ગુરુ-શાસ્ત્રને સાચી અર્પણતા અનાદિથી કરી નથી અને તેમનું કહેવું સાંભળ્યું નથી; નહિતર દેવ-ગુરુ-શાસ્ત્ર તો એમ કહે છે કે તારે અમારો આશ્રય નથી, તું સ્વતંત્ર છે. જો દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા કરી હોત તો તેને પોતાની સ્વતંત્રતાની શ્રદ્ધા જરૂર થઈ જાત. દેવ-ગુરુ-શાસ્ત્રના ચરણે તન-મન-ધન અર્પણ કર્યા વિના, જેમાં આખા આત્માની અર્પણતા છે એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો ક્યાંથી પ્રગટશે?

અહો! જગતને વસ્ત્ર, મકાન, ધન વગેરેમાં મોટપ લાગે છે પણ જેઓ જગતનું કલ્યાણ કરી રહ્યા છે એવા દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા અને ભક્તિ—અર્પણતા આવતી નથી! તે વગર ઉદ્ધારનાં ટાણાં ક્યાં?

પ્રશ્ન :—આત્માના સ્વરૂપમાં રાગ નથી છતાં દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભ રાગ કરવાનું કેમ કહો છો? સમાધાન :—જેમ, કોઈ મ્લેચ્છને માંસ છોડાવવા માટે તેની સાથે મ્લેચ્છ ભાષા વાપરવી પણ પડે, પરંતુ તેથી કાંઈ બ્રાહ્મણનું બ્રાહ્મણપણું ચાલ્યું જાય નહિ; તેમ તદ્દન રાગ છોડાવવા માટે, જે તીવ્ર અશુભરાગમાં છે તેને પ્રથમ તો રાગની દિશા બદલાવ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯. —શ્રી સમયસાર**

## મનુષ્યપર્યાયની અતિ દુર્લભતા

ઘણા લોકો સ્વર્ગના દેવની વાત સાંભળે ત્યાં આશ્ચર્ય પામે છે, પણ ભાઈ ! એ સ્વર્ગ કાંઈ આશ્ચર્યકારી વસ્તુ નથી, તું પોતે અનંતવાર ત્યાં જઈ આવ્યો છે. સ્વર્ગના અસંખ્ય અવતાર થાય ત્યારે મનુષ્યનો એક અવતાર થાય; બીજી રીતે કહીએ તો જીવોમાંથી અસંખ્ય જીવો જ્યારે સ્વર્ગમાં જાય ત્યારે માત્ર એક જીવ મનુષ્યમાં અવતરે. આવું મોંઘું મનુષ્યપણું છે, ને દેવપણું તો તેના કરતાં અસંખ્યગણું સસ્તુ છે.

આત્માના અજ્ઞાનથી ચાર ગતિમાં ભમતા જીવે સૌથી વધુ ભવ એકેન્દ્રિયાદિ તિર્યંચગતિના કર્યા છે; તે ઉપરાંત મનુષ્ય, નરક અને સ્વર્ગના અવતાર પણ અનંતવાર કર્યા છે. તેમાંય મનુષ્ય કરતાં નરકનાં ને નરક કરતાંય સ્વર્ગના અવતાર અસંખ્યગણા કર્યા છે. સરેરાશ અસંખ્ય અવતાર સ્વર્ગના ને નરકના કરે ત્યારે એક અવતાર મનુષ્યનો મળે; આવી મનુષ્ય અવતારની દુર્લભતા છે ને આવા દુર્લભ મનુષ્ય અવતારમાં પણ જૈનધર્મનો વીતરાગી ઉપદેશ સાંભળવા મળવો બહુ દુર્લભ છે. આવો દુર્લભ અવતાર અને વીતરાગી જૈનધર્મનો ઉપદેશ તને અત્યારે મહાભાગ્યે મળ્યો છે, તો હવે તું શીઘ્ર જાગ, ચેતીને સાવધાન થા, ને આત્માની ઓળખાણ વડે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ભવદુ:ખનો અંત કર. —પૂજ્ય ગુરુદેવશ્રી

## ભાઈ ! આવા કાળે તું તારું કામ કરી લે

જેણે અંદરમાં આરાધના કરી એને ભગવાનના વિરહ નથી. અરે ! અમારો ભગવાન અમારી પાસે છે. અમને ભગવાનના ભેટા થયા છે, અમે ભગવાન જ છીએ. આહાહા ! પંચમકાળનાં મુનિઓએ અપૂર્વ કામ કર્યા છે. અહીંથી સ્વર્ગમાં ગયા છે ને ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જવાના. પંચમકાળમાં ભરતક્ષેત્રમાં અવતર્યા એટલે એકાદ ભવ બાકી રહી ગયો, મહાવિદેહમાંથી તો એ જ ભવે મોક્ષ જાય છે. ૭ માસ ને આઠ સમયમાં છસો ને આઠ જીવ મોક્ષે જાય અને એટલાં જ જીવો નિગોદમાંથી નીકળે, બાકી તો એમ ને એમ નિગોદમાં પડ્યા રહે છે. જ્યારે જુઓ ત્યારે નિગોદના એક શરીરમાં રહેલ જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા ! એ નિગોદમાંથી નીકળીને આવા મનુષ્યના ભવ મળ્યા ને વીતરાગી વાણી મળી એ તો ધન્ય ભાગ્ય ! મહા પુણ્યના થોક હોય.....મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે આવો યોગ મળે છે. હવે કામ કરવું એ એના હાથની વાત છે. ભાઈ ! આવા કાળે તું તારું કામ કરી લે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# પર્યુષણનું માહાત્મ્ય

**જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ ભૂલ્યો છે માટે તે ભૂલથી પાછું ફરવું—પોતાનું યથાર્થ સ્વરૂપ સમજવું એ પ્રતિક્રમણ છે.**

નાનાભાઈ : મોટાભાઈ, પર્યુષણ નજીક આવે છે, પણ પ્રતિક્રમણ માટે મારો આવવાનો વિચાર થતો નથી તો આપ મને માફ કરશો ને ?

મોટાભાઈ : કેમ ? તમને શા માટે આ વિચાર આવ્યો તે કહો તો પછી શું કરવું તે આપણે નક્કી કરીશું.

નાનાભાઈ : જુઓ—હું 'પ્રતિક્રમણ'નો અર્થ પણ જાણતો નથી તો પછી તેનો ભાવ શું છે એ તો ક્યાંથી જાણું ? માટે વિચાર થતો નથી.

મોટાભાઈ : તમે આટલા વરસોથી પ્રતિક્રમણ કરો છો અને તમે સમજતા નથી તો તમે અણસમજણ કેમ નભાવી લીધી ? અણસમજણમાં રહેવું તે તમારા જેવા માણસનું કામ નથી.

નાનાભાઈ : આપની વાત સાચી છે. અણસમજણ રાખવી ન જ જોઈએ, કેટલાક લોકો કહે છે કે— 'ભલે આપણે ન સમજીએ તેમાં શું વાંધો ? જેટલો વખત આપણે ધર્મના સ્થાનકે રહ્યા તેટલો વખત છકાયજીવની હિંસા તો અટકી અને વળી આપણે ચોવીસ કલાક આહારપાણી નહિ લેવાની પ્રતિજ્ઞા લીધી એટલે તપ થયો અને તેથી નિર્જરારૂપ ધર્મ થયો માટે આપણે સમજવાની જરૂર નથી. મારા જેવા વર્તમાન કાળના યુવકને આ વાત કેમ ગળે ઊતરે ?' માટે ખરું શું છે તે સમજાવો.

મોટાભાઈ : તમે ખુલાસો માગ્યો તે બહુ સારું કર્યું. 'અણસમજણ'થી કદી આત્માને લાભ થાય જ નહિ, પણ નુકશાન થાય માટે સ્પષ્ટતાથી આ વિષય સમજી શકો તે માટે થોડું કહીશ.

નાનાભાઈ : 'પ્રતિક્રમણ'નો અર્થ આપ પહેલાં કહો.

મોટાભાઈ : પ્રતિક્રમણ=પ્રતિ+ક્રમણ = પ્રતિક્રમણનો અર્થ પાછું ફરવું એવો થાય છે. જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ ભૂલ્યો છે માટે તે ભૂલથી પાછું ફરવું—પોતાનું

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦. –શ્રી સમયસાર**

યથાર્થ સ્વરૂપ સમજવું એ પ્રતિક્રમણ છે.

નાનભાઈ : ત્યારે તો એમ થયું કે : (૧) જીવ શું છે, તેનું સ્વરૂપ શું છે તે પોતે પ્રથમ જાણવું જોઈએ. (૨) જીવ અનાદિથી શું ભૂલ કરી રહ્યો છે તે જાણવું જોઈએ–કેમકે ભૂલ જાણ્યા સિવાય ભૂલથી પાછું કેમ ફરી શકાય? (૩) જીવનું અને પોતામાં થતી ભૂલનું સ્વરૂપ જાણી ભૂલથી પાછું ફરવું જોઈએ. આમ આત્મામાં થતી આ ક્રિયાને પ્રતિક્રમણ કહે છે.

મોટાભાઈ : તમે પ્રતિક્રમણનું જે સ્વરૂપ કહ્યું તે બરાબર છે. તેને જ જ્ઞાનીઓ સાચું પ્રતિક્રમણ કહે છે.

નાનાભાઈ : ત્યારે તો એમ થયું કે આજ સુધીમાં સમજ્યા વિના પ્રતિક્રમણો કર્યા તે માત્ર કાળક્ષેપ થયો, આત્માને કાંઈ લાભ ન થયો–એ ખરું?

મોટાભાઈ : હા, છે તો તેમ જ. પ્રતિક્રમણ તો આત્માનો (જીવનો) શુદ્ધભાવ છે તેથી આત્માને જે સમજે નહિ, તેને સાચી પ્રતિક્રમણની ક્રિયા હોય નહિ.

નાનાભાઈ : કેટલાકો કહે છે કે 'છકાય જીવની રક્ષા તો થઈ, એટલો લાભ તો ખરો' તેનું કેમ?

મોટાભાઈ : તમે છકાય જીવમાં આવ્યા કે ન આવ્યા? જો આવ્યા તો તમારી રક્ષા થઈ ખરી? જો ન આવ્યા તો છકાય જીવની રક્ષા ક્યાં થઈ?

નાનાભાઈ : હું તો જીવ શું છે તે યથાર્થપણે સમજતો નથી તેથી 'છકાય જીવ' શું કહેવાય તે હું કહી શકું નહિ. પણ હું નાનપણમાં કેટલાક બોલો શીખ્યો હતો તેમાં એમ આવતું હતું કે–પાંચ પ્રકારના એકેન્દ્રિય જીવો અને એક ત્રસ એમ છ પ્રકારના સંસારી જીવો છે તેને છકાયના જીવો કહે છે. હું ત્રસ જીવ છું એટલે છકાય જીવમાં આવી ગયો.

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

થઈ જાય. જન્મ-મરણ કરનારો પણ પોતે જ છે અને મોક્ષે જનારો પણ પોતે જ છે, બીજું કોઈ કરી દેતું નથી.

'નિજ નયનની આળસે રે, મેં નીરખ્યા ન નયણે હરિ'

ભગવાન પોતાની પાસે જ છે, પોતે જ છે, છતાં પોતાની આળસને કારણે તેને જોતો નથી. પોતે આંખ ખોલીને જોતો નથી ને સૂતો છે એ આશ્ચર્યની વાત છે. પુરુષાર્થ કરે તો મળ્યા વગર રહે નહિ, કારણ આપે તો કાર્ય પ્રગટે.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સમ્યગ્દર્શન સહિત નરકવાસ ભલો કહ્યો છે ને? નરકમાં સમ્યગ્દષ્ટિને આનંદની ગટાગટી છે ને?

ઉત્તર :—એ તો સમ્યગ્દર્શનની અપેક્ષાએ કહ્યું છે પણ ત્યાં જેટલો કષાય છે એટલું દુઃખ છે. ત્રણ કષાય છે એટલું દુઃખ છે. મુનિને ઘાણીમાં પીલે, સળગાવે છતાં ત્રણ કષાય નથી એથી એને આનંદ હોય છે.

પ્રશ્ન :—સમ્યક્ શ્રદ્ધા અને અનુભવમાં શું ફેર છે?

ઉત્તર :—સમ્યક્ શ્રદ્ધાન–પ્રતીતિ તે શ્રદ્ધાગુણની પર્યાય છે ને અનુભવ તે ચારિત્રગુણની પર્યાય છે.

પ્રશ્ન :—મિથ્યાત્વ-આસ્રવભાવને તોડવાનો વજ્રદંડ શું?

ઉત્તર :—ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ છે તે વજ્રદંડ છે. તેનો આશ્રય લેવાથી મિથ્યાત્વ–આસ્રવભાવ તૂટે છે. પહેલાંમાં પહેલું કર્તવ્ય રાગથી ભિન્ન પડીને જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવી એ છે. એ કાર્ય કર્યા વિનાના વ્રતાદિ બધું થોથા છે.

પ્રશ્ન :—ઉપશમ સમ્યક્ થઈને છૂટી જાય ને મિથ્યાત્વમાં આવી જાય તેને ખ્યાલમાં આવે કે મને સમ્યક્ થયું હતું?

ઉત્તર :—હા, સમ્યક્ છૂટી જાય પછી થોડો વખત ખ્યાલમાં રહે, પછી લાંબો વખત થાય તો ભૂલી જાય.

પ્રશ્ન :—દર્શનપાહુડ ગાથા ૨૧ માં કહ્યું છે કે હે જીવ! તું સમ્યગ્દર્શનને અંતરંગભાવથી ધારણ કર, અહીં બતાવેલ અંતરંગભાવ તથા બહિરંગભાવનો પણ અર્થ સ્પષ્ટ કરશો?

ઉત્તર :—અંતરસ્વભાવના આશ્રયે પરિણતિ પ્રગટ કરવી તે અંતરંગભાવ છે, એવી પરિણતિ અંશે પ્રગટ કરવી તે સમ્યગ્દર્શન છે. નવતત્ત્વની શ્રદ્ધા વગેરે રાગભાવ

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧. –શ્રી સમયસાર**

છે, તે અંતરંગભાવ નથી પણ બહિરંગભાવ છે, એટલે કે તેનાથી સમ્યગ્દર્શન થતું નથી. બહારના લક્ષે જે કોઈ ભાવ થાય તે બધોય બહિરંગભાવ છે. આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યમય છે તેના અંતરના અંગોમાંથી પરિણતિ પ્રગટ કર. આ જડ શરીરમાંથી સમ્યગ્દર્શન પ્રગટવાનું નથી, તેમ જ દેવ-શાસ્ત્ર-ગુરુમાંથી કે નવતત્ત્વના વિકલ્પમાંથી પણ તારું સમ્યગ્દર્શન પ્રગટવાનું નથી. માટે તે બધાનું લક્ષ છોડીને તારા ચૈતન્યરૂપી શરીરમાંથી સમ્યગ્દર્શન કાઢ. જે પુણ્ય-પાપના પરિણામ થાય તે તારું ચૈતન્યઅંગ નથી પણ કાર્મણઅંગ છે. વ્યવહાર સમ્યગ્દર્શન પણ કાર્મણઅંગ છે, ચૈતન્યને ચૂકીને કર્મના સંબંધે જે ભાવ ઉત્પન્ન થાય ને બહિરંગભાવ છે, તે અંતરંગભાવ નથી, અને તેમાંથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ નથી.

'અંતરંગભાવ' કહીને આચાર્યદેવે બધા પરભાવોનો નિષેધ કર્યો છે. શરીરાદિની ક્રિયા તો જડ છે અને વ્રત, તપ, પૂજા, ભક્તિ, પડિમા વગેરેનો શુભરાગ તે બહિરંગભાવ છે—વિકાર છે, તેનાથી આત્મકલ્યાણ થતું નથી. માટે તે જડની ક્રિયામાં અને બહિરંગભાવોમાં એકત્વબુદ્ધિ છોડીને (અર્થાત્ પરભાવોમાં આત્મબુદ્ધિ છોડીને) એકલા આત્મસ્વભાવનો આશ્રય કરવો તે અંતરંગભાવ છે અને એવા ભાવથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે જ આત્માનું કલ્યાણ છે.

પ્રશ્ન :—જે ક્ષણે જીવ હેય-ઉપાદેયપણાને યથાર્થ સમજે તે જ ક્ષણે હેયને છોડીને ઉપાદેયને અંગીકાર કરે—એટલે કે સાચી શ્રદ્ધા ભેગું જ પૂરું ચારિત્ર હોય. જ્યારે રાગાદિ છોડીને ચારિત્ર અંગીકાર કરે ત્યારે જ સાચી શ્રદ્ધા થઈ કહેવાય. એમ માને તેનું સમાધાન—

ઉત્તર :—સમ્યગ્દર્શન તો પરિપૂર્ણ આત્મસ્વભાવને જ માને છે; રાગાદિનું ગ્રહણ-ત્યાગ કરવાનું કાર્ય સમ્યગ્દર્શનનું નથી, પણ ચારિત્રનું છે. સાચી શ્રદ્ધાનું કાર્ય એ છે કે ઉપાદેયની ઉપાદેય તરીકે અને હેયની—હેય તરીકે પ્રતીત કરવી; પણ ઉપાદેયને અંગીકાર કરવું અને હેયને છોડવું એ કામ ચારિત્રનું છે. રાજપાટમાં હોવા છતાં અને રાગ હોવા છતાં ભરત ચક્રવર્તી, શ્રેણિકરાજા, રામચંદ્રજી, ભરતના નાની નાની ઉંમરના કુમારો તથા સીતાજીને સમ્યગ્દર્શન હતું—આત્મભાન હતું. સમ્યગ્દર્શન થતાં વ્રતાદિ હોવા જ જોઈએ અને ત્યાગ હોવો જોઈએ—એવો નિયમ નથી, પણ એટલું ખરું કે સમ્યગ્દર્શન થતાં ઊંધા અભિપ્રાયનો ત્યાગ અવશ્ય થાય છે.

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,**
**તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.** —**શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—છ મહિના પર્યંત કેવો અભ્યાસ કરવો કે જેથી આત્માની પ્રાપ્તિ થાય ?

સમાધાન :—જ્ઞાયકને ઓળખીને પુરુષાર્થ કરવો. જ્ઞાયકનો વારંવાર વિચાર કરી નિર્ણય કરે કે આ જ્ઞાયક તો જુદો જ છે, તે કોઈની સાથે એકમેક થયો નથી. આત્મા તો શાશ્વત છે. આ શરીર જુદું ને આત્મા જુદો છે. શરીર સાથે જે એકત્વબુદ્ધિ થઈ રહી છે તે ભૂલ છે. અંદર જે વિકલ્પોની આકુળતા થાય છે તે પણ નિજ સ્વભાવ નથી. આત્મા શાંતસ્વરૂપ–નિર્વિકલ્પસ્વરૂપ છે. આનંદથી ભરેલો એ ચૈતન્ય-રત્નાકર કોઈ જુદો જ છે. આ જગતની નિઃસારતા લાગે ને આત્માની મહિમા આવે, તો વિભાવથી વિરક્ત થાય અને આત્માને ઓળખે, તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે. જ્ઞાન, આનંદથી ભરેલો આત્મા કોઈ અપૂર્વ છે. તેનો નિર્ણય કરીને તેમ જ તેમાં જે પલટતી પર્યાય છે તેનું શું સ્વરૂપ તે બધું નક્કી કરીને આત્મા તરફ જાય. ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન કરે, પુરુષાર્થ કરે તેને ક્યાંય ચેન પડે નહિ. તેને એક જ લગની હોય કે આત્મા કેમ મને પ્રાપ્ત થાય ?

આત્મા ઉપર દૃષ્ટિ કરીને ક્ષણે-ક્ષણે અવિચ્છિન્નધારાએ—વચ્ચે ખંડ ન પડે એ રીતે પુરુષાર્થ કરે તો છ મહિનામાં આત્મપ્રાપ્તિ થયા વગર રહેતી નથી. તેની પુરુષાર્થધારા દિવસ ને રાત નિરંતર ચાલ્યા કરે, તેનો પુરુષાર્થ એકદમ ઉગ્રપણે હોય ને તેમાં તેને તૂટ પડે નહિ એવી જાતનો અપૂર્વ પુરુષાર્થ કરે તો છ મહિનામાં કાર્ય થયા વગર રહેતું નથી. વારંવાર વિચારો ફેરવીને ભેદજ્ઞાનનો અભ્યાસ કરે, વારંવાર નિર્ણયની દૃઢતાપૂર્વક હું આ જ છું, મારું અસ્તિત્વ આ જ છે, શરીરનું અસ્તિત્વ તે હું નથી એવો બરાબર નિશ્ચય કરી વારંવાર ભેદજ્ઞાનનો પ્રયાસ કરે તો કામ થાય. વારંવાર હું જુદો છું—જુદો છું એમ પ્રયાસ કરે; નિરંતર દિવસ ને રાત તેને ક્યાંય શાંતિ ન થાય એવી રીતે ઉગ્રપણે પુરુષાર્થ કરે; એક દિવસ વિચાર કરી લીધો, નિર્ણય કરી લીધો ને પછી પ્રયાસ છોડી દીધો—પુરુષાર્થ ન કરે એમ નહિ, પરંતુ વારંવાર તેનો પુરુષાર્થ ચાલુ જ રહે; પુરુષાર્થ મંદ પડે તો વારંવાર તીવ્ર કર્યા કરે; છૂટી ન જાય એવી રીતે પુરુષાર્થ નિરંતર ચાલ્યા કરે; જાગતાં-સૂતાં-સ્વપ્નમાં પણ તેને એક જ લગની હોય તથા આત્મા જુદો કેમ જણાય એવી તેની ઉગ્ર

ભાવના ને ઉગ્ર પુરુષાર્થ હોય તો છ મહિનામાં આત્મપ્રાપ્તિ થયા વગર રહે નહીં. કોઈને એકદમ થાય તો જઘન્ય અંતર્મુહૂર્તમાં થાય, નહીંતર વધારેમાં વધારે છ મહિના આચાર્યદેવે કહ્યા છે.

છ મહિના સુધી એકધારાએ પુરુષાર્થ કરે તો થાય. સમ્યગ્દર્શન થયા પછી તો સહજપણે—સહજધારાએ ભેદજ્ઞાન ચાલ્યા જ કરે છે; પણ તે પહેલાં આત્મા ઉપર દૃષ્ટિ ને ભેદજ્ઞાનની ધારા તેને હોતી નથી, માટે વારંવાર પુરુષાર્થ કરે છે. પ્રથમ ભૂમિકા વિકટ હોય છે, પણ ઉગ્ર પુરુષાર્થ કરે તો થયા વગર રહેતું નથી. પુરુષાર્થ કરનારને વારંવાર તેની લગની લાગી હોય તો અંતરમાંથી આત્મા જાગ્યા વગર રહેતો નથી, અનુભૂતિ થયા વગર રહેતી નથી.

પૂજ્ય ગુરુદેવે માર્ગ સ્પષ્ટ કર્યો છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે. તેમણે વસ્તુનું સ્વરૂપ ચારે બાજુથી સ્પષ્ટ કરીને બતાવ્યું છે, નિર્ણય કરવામાં કાંઈ મુશ્કેલી પડે તેમ નથી. નિશ્ચય-વ્યવહારની સંધિ ચારે બાજુથી સમજાવી છે, કરવાનું પોતાને છે. આત્મપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જ્ઞાયકની રુચિ—પ્રયાસ—લગની યથાશક્તિ કરે.

પ્રશ્ન :—આપ અમૃતનાં ભોજન જમો છો—અનુભવ કરો, તો અમોને પણ તેનો સ્વાદ ચખાડો ને ? અમે પુરુષાર્થ ઘણો કરીએ છીએ તો પણ કાર્ય આવતું નથી ?

સમાધાન :—પુરુષાર્થ કરવા છતાં માર્ગ મળે નહિ તેવું બને નહિ. પુરુષાર્થ કરતો નથી એટલે માર્ગ મળતો નથી. કારણ આપે તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. પોતાની આળસને કારણે પોતાને માર્ગ મળતો નથી. ગુરુદેવ કહે છે કે કોઈ કોઈનું કરતું નથી. ભગવાનની વાણીમાં ઉપદેશના ધોધ વહે છે. તેમાં ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ આવે છે. તો પણ કરવાનું તો પોતાને જ રહે છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે ને બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાય પણ સ્વતંત્ર છે. પોતાની ભૂલથી પોતે રખડ્યો છે અને પોતાના પુરુષાર્થથી પોતે સાચો માર્ગ પામી શકે છે. પોતાની અનુભૂતિ પોતે જ કરી શકે છે. ગુરુદેવે માર્ગ સ્પષ્ટ કરીને બતાવ્યો છે. તું અંદરમાં આત્મા છો તેનું ભેદજ્ઞાન કર, તેની દૃષ્ટિ કર ને ત્યાં જા. શરીર જુદું ને આત્મા જુદો એમ નિશ્ચય કર તથા અંદરથી યથાર્થપણે જુદો થવાનો પ્રયત્ન કર. વિકલ્પની જાળ ચાલે છે તેનાથી પણ તારો સ્વભાવ જુદો છે. તું પ્રયત્ન કર, પ્રયત્ન કરવાથી કાર્ય થાશે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; પણ કરવાનું પોતાને છે, કોઈ કરી દેતું નથી. અનંતા તીર્થંકર થઈ ગયા તે બધાએ માર્ગ બતાવ્યો; પણ કોઈ કરી દેતું નથી. જો કોઈ કરી દે તો પોતે સ્વતંત્ર દ્રવ્ય ન રહે ને પરાધીન

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

## બાળ વિભાગ

# સગર ચક્રવર્તી અને ૬૦ હજાર રાજકુમારોનો વૈરાગ્ય

**(જીવને ધર્મમાં જે મદદ કરે તે સાચો મિત્ર)**

શુદ્ધ ભાવનાવાળા તે રાજપુત્રોએ ફરી આગ્રહ કરી કહ્યું —

“હે પિતાજી ! અમને ધર્મની સેવાનું કોઈ કાર્ય સોંપો, જો તમે કોઈ કાર્ય અમને નહીં સોપ્યું તો અમે ભોજન ગ્રહણ નહીં કરીએ.” બધા રાજપુત્રો ધર્માત્મા હતા. (તેમના આ માંગલિક આદર્શને જોઈને યુવાવર્ગે પણ ધર્મકાર્યમાં ઉત્સાહથી ભાગ લેવો જોઈએ.)

ઉત્સાહી પુત્રોનો આગ્રહ જોઈ રાજાને ચિંતા થઈ કે તેમને ક્યું કામ સોપવું જોઈએ ? વિચાર કરતા યાદ આવ્યું કે, મારા પહેલા થયેલા ભરતચક્રવર્તીએ કૈલાશપર્વત પર અતિસુંદર પ્રતિમાઓ સ્થાપિત કરી છે. તેની રક્ષા માટે ચારે બાજુ ખાઈ ખોદી તેમાં ગંગા નદીના પાણીથી ભરી દેવામાં આવે તો આ મંદિરોની રક્ષા થઈ શકે—એમ વિચાર કરી રાજાએ આ કાર્ય પુત્રોને સોપ્યું.

પિતાની આજ્ઞા શિરોધાર્ય કરી તે રાજપુત્ર આ કાર્ય કરવા માટે કૈલાશ પર્વત પર ગયા. ત્યાં જઈને અત્યંત ભક્તિપૂર્વક જિનબિંબના દર્શન કર્યા, પૂજા કરી.

“અહા ! આવા અદ્ભુત રત્નમય જિનબિમ્બ આપણે ક્યારેય જોયા નથી. આપણને ભગવાનના દર્શન થયા અને મહાભાગ્યથી જિનમંદિરોની સેવા કરવાનો અવસર મળ્યો”—આ પ્રમાણે પરમ આનંદિત થઈ તે ૬૦ હજાર રાજપુત્ર ભક્તિપૂર્વક પોતાને સોપાયેલ કાર્ય કરવા લાગ્યા.

આ બાજુ ચક્રવર્તીનો મિત્ર મણિકેતુ દેવ ફરીથી રાજાને સમજાવવા માટે આવ્યો. આ વખતે તેણે નવો ઉપાય વિચાર્યો.

તેણે એક મોટા ઝેરી સાંપનું રૂપ બનાવ્યું અને કૈલાશપર્વત ઉપર જઈ બધા રાજકુમારોને ડસીને બેહોશ કરી દીધા, જેથી કોઈ સમજે કે તેઓ મરી ગયા છે—એવો દેખાવ કર્યો.

“કેટલાક વચન હિતરૂપ હોવા સાથે મધુર થઈ જાય છે એ કેટલાક વચન હિતરૂપ હોવા છતાં કડવા થઈ જાય છે, આ પ્રમાણે અહિત વચનમાં પણ કેટલાક મધુર અને કેટલાક કડવા થઈ જાય છે. તે બંને પ્રકારના અહિત વચન તો છોડવાયોગ્ય જ છે.”

એકસાથે ૬૦ હજાર રાજકુમારોના મરણને સાંભળી રાજમંત્રી પણ ઘબરાઈ

ગયા–મંત્રી જાણતા હતા કે મહારાજાને પુત્રો ઉપર અધિક પ્રેમ છે, તેમના મરણના સમાચાર તેઓ સહન નહીં કરી શકે. તેમાં પણ એક સાથે ૬૦ હજાર પુત્રોનું મરણ! આ 'દુઃખદ સમાચાર' રાજાને કહેવાની કોઈનામાં હિંમત ન થઈ.

તે જ સમયે મણિકેતુદેવ એક વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી સગર ચક્રવર્તી પાસે આવ્યો અને અત્યંત શોકપૂર્વક કહેવા લાગ્યો–

"હે મહારાજા! મારો એકનો એક જવાન પુત્ર મરણ પામ્યો છે, યમરાજે તેનું હરણ કર્યું છે, આપ તો સમસ્ત લોકના પાલક છો, માટે મારા પુત્રને પાછો લાવી આપો, તેને જીવીત કરી આપો. જો તમે મારા એકના એક પુત્રને જીવીત નહીં કરશો તો મારું પણ મરણ થઈ જશે."

બ્રાહ્મણની વાત સાંભળી રાજાએ કહ્યું–"અરે બ્રાહ્મણ! શું તૂ નથી જાણતો કે મૃત્યુ તો સંસારના બધા જીવોને મારે છે. એક માત્ર સિદ્ધ ભગવાન જ જન્મ-મરણથી રહિત છે, બીજા જીવો મરણ સહિત છે.–આ વાતને બધા જાણે છે કે જેનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું તે કોઈપણ પ્રકારે જીવીત નહીં રહી શકે. દરેક જીવ પોતાના આયુષ્ય પ્રમાણે જ જીવે છે, આયુષ્ય પૂર્ણ થતા તેનું મરણ અવશ્ય થાય છે. માટે જો તમે મરણરૂપ યમને જીતવા માગતા હો તો તુરંત સિદ્ધપદની સાધના કરો. આ જીર્ણ શરીર કે આ પુત્રના મરણનો શોક છોડીને મોક્ષની પ્રાપ્તિ માટે તત્પર થઈ જિનદીક્ષા ધારણ કરો. ઘરમાં પડ્યા રહી વૃદ્ધ થઈ મરવાને બદલે દીક્ષા લઈ મોક્ષપ્રાપ્તિનો ઉદ્યમ કરો."

આ પ્રમાણે સગર ચક્રવર્તીએ વૈરાગ્યપ્રેરક ઉપદેશ આપ્યો. તે સમયે તે બ્રાહ્મણે (મણિકેતુ દેવે) કહ્યું કે–"હે મહારાજ! જે આપ કહો છો તે વાત હકીકતમાં સત્ય હોય તો મારી પણ એક વાત સાંભળો, જો યમરાજથી બળવાન કોઈ નથી અને મૃત્યુથી કોઈ બચી શકતું નથી–એમ આપ કહો છો તો હું આપને એક ગંભીર સમાચાર સંભળાવું, તે સાંભળી આપ પણ ભયભીત ન થાશો, આપ પણ સંસારથી વૈરાગ્ય લઈ મોક્ષની સાધના માટે તત્પર રહેશો."

સગર ચક્રવર્તીને આશ્ચર્યથી પૂછ્યું —"અરે બ્રાહ્મણદેવ! કહો એવા શું સમાચાર છે?"

બ્રાહ્મણ રૂપધારી મિત્રે કહ્યું–"હે રાજન્! સાંભળો, તમારા ૬૦ હજાર પુત્ર કૈલાસપર્વત પર ગયા હતા, ત્યાં તે મૃત્યુને પ્રાપ્ત થયા છે. તેમને એક ભયંકર સર્પે ડસી લીધા છે, તેમાં એક પણ બચ્યો નથી....એક સાથે ૬૦ હજાર પુત્રોને મારવાવાળા યમરાજને જીતવા માટે આપને પણ મારી સમાન મોહ છોડી શીઘ્ર દીક્ષા લેવી જોઈએ અને મોક્ષ સાધના કરવી જોઈએ....બંને એક સાથે દીક્ષા લઈએ."

બ્રાહ્મણના વજ્રપાત જેવા વચન સાંભળી રાજાનું હૃદય છિન્ન-ભિન્ન થઈ ગયું અને પુત્રોના મરણનો આઘાતથી તેઓ બેહોશ થઈ ગયા. જેમના પર અત્યંત સ્નેહ હતો—એવા ૬૦ હજાર રાજકુમારોના એકીસાથે મરણ થવાની વાત તે સાંભળી ન શક્યા, સાંભળતા જ તેમને મૂર્છા આવી ગઈ. પરંતુ તે ચક્રવર્તી આત્મજ્ઞાની હતા.....થોડીવાર બાદ બેહોશી સમાપ્ત થતા હોશમાં આવતા તેમની આત્મા જાગી ઊઠી, તેમણે વિચાર કર્યો—

"અરે નકામો શોક શા માટે? ખેદ કરવાવાળી આ રાજ્યલક્ષ્મી અથવા પુત્ર-પરિવાર કાંઈપણ મારું નથી, મારી તો એક જ્ઞાનચેતના જ છે. હવે મને પુત્રો કે અન્ય કોઈનો મોહ નથી. અરેરે! અત્યાર સુધી હું વ્યર્થમાં મોહજાળમાં ફસાયેલો રહ્યો. મારા દેવ-મિત્ર (મણિકેતુ)એ આવીને મને સમજાવ્યો પણ હતો, પણ હું ન સમજ્યો. હવે તો પુત્રનો મોહ છોડીને હું જિનદીક્ષા લઈશ અને અશરીરી સિદ્ધપદની સાધના અવશ્ય કરીશ."

'શરીર અપવિત્ર છે અને વિષય-ભોગ ક્ષણભંગુર છે'—એમ જાણીને ઋષભદેવ આદિ તીર્થંકર તથા ભરત આદિ ચક્રવર્તી વિષય-ભોગની સાથે ઘર-પરિવારને છોડીને વનમાં ચાલ્યા ગયા અને ચૈતન્યમાં લીન થઈ મોક્ષ પ્રાપ્ત કર્યું. હું પણ તેમના બતાવેલા માર્ગ પર ચાલીશ મૂર્ખ બનીને હું અત્યાર સુધી વિષયોમાં ફસાયેલો રહ્યો. હવે એક ક્ષણ પણ સંસારમાં નહીં રહીશ.

આ પ્રમાણે સગર ચક્રવર્તી વૈરાગ્યભાવના ભાવતા હતા ત્યારે તેમની નગરીમાં મહાભાગ્યે દૃઢવર્મા નામના કેવળીપ્રભુનું આગમન થયું. સગર ચક્રવર્તી અત્યંત હર્ષોલ્લાસ સાથે તેમના દર્શન કરવા ગયા અને પ્રભુના ઉપદેશામૃત ગ્રહણ કરીને રાજપાટ છોડીને જિનદીક્ષા ધારણ કરી. ચક્રવર્તી પદ છોડીને હવે તેઓ ચૈતન્યના ધ્યાનરૂપી ધર્મચક્રથી સુશોભિત થવા લાગ્યા. તેમને મુનિદશામાં જોઈ તેમનો દેવમિત્ર (મણિકેતુદેવ) અત્યંત પ્રસન્ન થયો.

પોતાના મિત્રને પ્રતિબોધવાનું કાર્ય પૂર્ણ થયું જાણી તે દેવ પોતાના અસલી સ્વરૂપમાં પ્રગટ થયો અને સગર મુનિરાજને નમસ્કાર કરી કૈલાશ પર્વત પર ગયા. ત્યાં જઈને તેણે રાજપુત્રોને સચેત કર્યા અને કહ્યું —"હે રાજપુત્રો! તમારી મૃત્યુની બનાવટી ખબર સાંભળીને તમારા પિતા સગર મહારાજ સંસારથી વૈરાગ્યપૂર્વક દિગમ્બર દીક્ષા અંગીકાર કરી મુનિ બની ગયા છે, તેથી હવે હું તમને લેવા માટે આવ્યો છું."

આહાહા! કેવો અદ્‌ભુત પ્રસંગ!! આ ચરમશરીરી ૬૦ હજાર રાજકુમાર પિતાશ્રીની વૈરાગ્યોત્પાદક વાત સાંભળીને એકદમ ઉદાસીન થઈ ગયા, અયોધ્યાના રાજમહેલમાં પાછા ફરવાની બધાએ ના પાડી દીધી અને સંસારથી વિરક્ત થઈ બધા

રાજકુમાર શ્રી મુનિરાજની શરણમાં ગયા, ત્યાં ધર્મોપદેશ સાંભળ્યો અને એકસાથે ૬૦ હજાર રાજપુત્રોએ દીક્ષા ધારણ કરી લીધી. વાહ ! ધન્ય તે રાજકુમાર ! ધન્ય તે વૈરાગી રાજકુમાર !!

મણિકેતુદેવે અસલી રૂપમાં આવી બધા મુનિરાજોને નમસ્કાર કર્યા. તથા તેણે પોતાના મિત્રના હિત માટે આ માયા કરવી પડી તે માટે ક્ષમા માગી. મુનિરાજોએ એમને સાંત્વના આપી અને કહ્યું–''અરે ! આમાં તમારો શું અપરાધ છે ? કોઈપણ પ્રકારે જો ધર્મમાં સહાયતા કરે, તે જ પરમહિતેષી સાચો મિત્ર છે. તમે તો અમારા પરમ હિતરૂપ કાર્ય કર્યું છે.''

આ પ્રકારે મણિકેતુદેવનું મિત્રને મોક્ષમાર્ગની પ્રેરણા દેવાનું કાર્ય સિદ્ધ થઈ ગયું, સાથે જ સાથે ૬૦ હજાર રાજકુમારોએ પણ મુનિધર્મ અંગીકાર કર્યો.તેથી તે પ્રસન્ન થઈ સ્વર્ગમાં પાછો ચાલ્યો ગયો.

સગર મુનિરાજ તથા ૬૦ હજાર રાજકુમાર (મુનિરાજ)–એ બધા આત્મજ્ઞાન-ધ્યાનપૂર્વક વિહાર કરતા અંતમાં સમ્મેદશિખરજી ઉપર આવ્યા અને શુક્લધ્યાનના બળથી કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષપદને પામ્યા. તેમને અમારા નમસ્કાર હો.

શાસ્ત્રકાર કહે છે કે જગતમાં જીવોને ધર્મની પ્રેરણા દેવાવાળા મિત્ર સમાન હિતકારી બીજો કોઈ નથી.

''સચ્ચા મિત્ર હો તો ઐસા–જો ધર્મકી પ્રેરણા દે.''

---

## સૂચના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા જે મહોત્સવો ઉજવાય છે તેની નિમંત્રણ પત્રિકા મંડળો તથા વ્યક્તિઓના એડ્રેસનું લિસ્ટ ટ્રસ્ટ પાસે છે એ પ્રમાણે મોકલવામાં આવે છે.

એમાં કેટલાક એડ્રેસ અધુરા અથવા બદલાઈ ગયા છે.

એથી જેઓને પત્રિકા મળે છે એ સર્વેએ પોતાના એડ્રેસ તથા ફોન નંબર ટ્રસ્ટને ૩૦ દિવસમાં પત્રથી અથવા ઈમેલથી જણાવવા વિનંતી છે જેથી પત્રિકાઓનું લીસ્ટ અપટુડેટ થઈ જાય.

email : contact@kanjiswami.org

મેનેજર
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (ગુરુદેવશ્રીનાં વચનામૃત) |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

❃ **રક્ષાબંધન પર્વ** :–શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૭-૮-૨૦૧૭, સોમવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

❃ **જ્ઞાનવૈભવ–પ્રકાશન વાર્ષિક દિવસ** :–'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૨૦-૮-૧૭ રવિવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ** :–ભાદરવા સુદ ૫, શનિવાર તા. ૨૬-૮-૨૦૧૭ થી ભાદરવા સુદ ૧૪, મંગળવાર, તા. ૫-૯-૨૦૧૭ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૪-૯-૨૦૧૭, સોમવારથી તા. ૬-૯-૨૦૧૭, બુધવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ** :–ભાદરવા વદ ૧, ગુરુવાર, તા. ૭-૯-૨૦૧૭ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઇચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

## (૪૮)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૭૧ : અગૃહીત મિથ્યાત્વનું ફળ શું ? અને ગૃહીત મિથ્યાત્વનું ફળ શું ?

ઉત્તર : બંનેનું ફળ સંસાર જ છે; અગૃહીત મિથ્યાત્વ અનાદિથી ચાલ્યું આવે છે, ગૃહીત મિથ્યાત્વ નવું ગ્રહણ કરેલું છે. અને તે ગૃહીત મિથ્યાત્વ અગૃહીત મિથ્યાત્વને પોષણ આપે છે.

પ્રશ્ન-૭૨ : મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે શું તફાવત છે ?

ઉત્તર : મિથ્યાજ્ઞાન તે સંસારનું કારણ છે, સમ્યગ્જ્ઞાન તે મોક્ષનું કારણ છે. અનાદિથી જીવને મિથ્યાજ્ઞાન છે, જે જીવ સાચી સમજણ કરે તેને સમ્યગ્જ્ઞાન થઈને અલ્પકાળમાં મોક્ષ થાય, મિથ્યાજ્ઞાની જીવ સદાય 'પુણ્યથી ધર્મ થાય અને શરીરાદિનું હું કરી શકું' એમ માને છે પણ સમ્યગ્જ્ઞાની જીવ કદાપિ 'પુણ્યથી ધર્મ થાય કે શરીરાદિની ક્રિયા હું કરી શકું' એમ માનતા નથી; આ રીતે મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે આકાશ—પાતાળ જેવડો મહાન તફાવત છે.

પ્રશ્ન-૭૩ : જેને વ્યવહાર ચારિત્ર હોય તેને ગૃહીત મિથ્યાત્વ હોય કે નહીં ?

ઉત્તર : જેને વ્યવહાર ચારિત્ર હોય તેને ગૃહીત મિથ્યાત્વ તો હોય જ નહીં.

પ્રશ્ન-૭૪ : ગૃહીત મિથ્યાત્વ છૂટવાથી સમ્યગ્દર્શન થઈ શકે કે નહિ ?

ઉત્તર : બધા પ્રકારનું મિથ્યાત્વ છૂટે ત્યારે જ સમ્યક્ત્વ થાય; ફક્ત ગૃહીત મિથ્યાત્વ છૂટવાથી જ સમ્યગ્દર્શન થઈ જતું નથી. પહેલાં ગૃહીત મિથ્યાત્વ છોડીને જો આત્માની સાચી સમજણ વડે અગૃહીત મિથ્યાત્વને પણ છોડે તો જ સમ્યગ્દર્શન થાય છે. ગૃહીત મિથ્યાત્વ છોડીને પણ જો પરાશ્રયબુદ્ધિથી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ જ રોકાઈ જાય ને સ્વાશ્રિતદૃષ્ટિથી સ્વસન્મુખ થઈ પોતાના આત્માની સાચી સમજણ ન કરે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. અને અગૃહીત મિથ્યાત્વ ટળતું નથી. ગૃહીત અને અગૃહીત બંને મિથ્યાત્વ ટાળે તેને જ સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્ન-૭૫ : પહેલા ગૃહીત મિથ્યાત્વ ટળે કે અગૃહીત ?

ઉત્તર : પહેલાં ગૃહીત મિથ્યાત્વ ટાળ્યા વગર અગૃહીત મિથ્યાત્વ ટળે નહિ. કોઈને ગૃહીત અને અગૃહીત બંને સાથે પણ ટળી જાય; જેને ગૃહીત મિથ્યાત્વ હોય તેને અગૃહીત મિથ્યાત્વ પણ હોય જ.

પ્રશ્ન-૭૬ : એક જીવ મિથ્યાત્વ સહિત શુભ ક્રિયામાં વર્તે છે અને એમ માને છે કે મને

આ ક્રિયાથી ધર્મ થાય છે; તે જ વખતે બીજો જીવ ક્રોધથી લડાઈ લડે છે અને તેને આત્માની ઓળખાણ છે, તો આ બે જીવોમાંથી તે વખતે કોને વધારે બંધન થતું હશે ?

ઉત્તર : જે જીવ શુભરાગની ક્રિયાથી ધર્મ માને છે તે જીવને મિથ્યાત્વના પાપ સહિત વધારે બંધન થાય છે કેમકે મિથ્યાત્વ જ મહાબંધનું કારણ છે. જ્ઞાની જીવને લડાઈ વખતે પણ મિથ્યાત્વનું મહાપાપ તો બંધાતું જ નથી, સાચી શ્રદ્ધા હોવાને લીધે લડાઈ વખતે પણ તેને આત્મભાન વર્તે છે ને સંસાર તૂટતો જાય છે. અજ્ઞાનીને વિપરીત શ્રદ્ધા હોવાથી શુભરાગ વખતે પણ તે સંસાર વધારી રહ્યો છે. સાચી સમજણ વગર આત્માને કોઈ રીતે લાભ થાય નહિ અને કર્મબંધન તૂટે નહિ. મિથ્યાત્વના સેવનથી આત્માને જે નુકશાન થાય છે, તેટલું નુકશાન બીજી કોઈ રીતે થતું નથી.

પ્રશ્ન-૭૭ : 'આ શરીર જીવને દુઃખી કરે છે' આ વાક્યમાં કાંઈ ભૂલ છે ?

ઉત્તર : તે વાક્ય ખોટું છે ખરેખર શરીર જીવને દુઃખી કરતું નથી. પણ શરીર પ્રત્યેનો જીવનો મોહભાવ છે તે જ જીવને દુઃખી કરે છે. જીવને સુખ-દુઃખ પોતાના જ ભાવથી થાય છે, પણ શરીરથી સુખ-દુઃખ થતું નથી.

પ્રશ્ન-૭૮ : રાગ-દ્વેષ વધારે નુકશાન કરે છે કે રાગ-દ્વેષને પોતાના માનવા તે ?

ઉત્તર : રાગ-દ્વેષને પોતાના માનવા તે ઊંધી માન્યતા જ વધારે નુકશાનનું કારણ છે. રાગ-દ્વેષ તે તો ચારિત્રનો દોષ છે અને રાગ-દ્વેષને પોતાના માનવા તે શ્રદ્ધાનો દોષ છે. શ્રદ્ધાનો દોષ સર્વદોષનું મૂળ છે. મિથ્યાત્વ ટળતાં અનંતા રાગ-દ્વેષ ટળી જાય છે.

પ્રશ્ન-૭૯ : એક જીવ એમ માને છે કે....'મારા ઉપદેશ વડે હું બીજાને ધર્મ પમાડી શકું', તો તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ ?

ઉત્તર : તે મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે હું પરજીવોને સમજાવી શકું એમ તેની મિથ્યા માન્યતા છે; એક જીવ બીજા જીવને કાંઈ કરી શકતો નથી છતાં તે પરનું કર્તૃત્વ માને છે તથા ઉપદેશના જડ શબ્દોનું કર્તાપણું માને છે—તેથી એમ નક્કી થાય છે કે તે મિથ્યાદૃષ્ટિ જ છે. જ્ઞાની ઉપદેશ આપે તેમાં તેને કર્તૃત્વબુદ્ધિ હોતી નથી.

પ્રશ્ન-૮૦ : સાચી વિદ્યા કઈ છે ?

ઉત્તર : સ્વ-પરના ભેદજ્ઞાનરૂપ વિદ્યા તે જ સાચી વિદ્યા છે ને તે વિદ્યા જ મોક્ષનું કારણ થાય છે.

## (૪૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) મુક્ત જીવો ............ માં રહે છે અને દરેક જીવ જુદા જુદા પોતપોતાના ............. માં જ રહે છે.

(૨) સર્વ જીવ છે ........... સમ, જે ............ તે થાય.

(૩) ............ તે મોક્ષનું સાધન નથી.

(૪) જીવે પૂર્વે કદી ..........., ............. અને ............... નું સેવન કર્યું નથી.

(૫) શુક્લ લેશ્યા ............. ને હોય, શુક્લધ્યાન ............... ને જ હોય.

(૬) કુદેવ-કુગુરુ-કુધર્મથી ................ પુષ્ટ થાય.

(૭) કુગુરુ ................ જેવા છે. ................ ડૂબે અને એનો આશ્રય લેનારા પણ .............

(૮) .............. દેવ-ગુરુ-ધર્મને ઓળખીને તેનું સેવન કરવું તે ................. નું મૂળ છે.

(૯) જૈનધર્મનું ગુરુપદ મહાન પવિત્ર ............... પદ છે.

(૧૦) જીવ પોતાના .............. થી સંસારમાં ડૂબે છે.

(૧૧) મહાવીરનો માર્ગ ................. છે.

(૧૨) .............. નો રસ છોડીને ............ ભાવને આદરે ત્યારે અરિહંતને ખરા નમસ્કાર થાય.

(૧૩) ................ જીવ અરિહંતના સાચા સ્વરૂપને ઓળખતો નથી.

(૧૪) રાગથી જુદો પડી પોતાના તરફ વળે ત્યારે અરિહંતનું સ્વરૂપ ઓળખાય.

(૧૫) જે વીર થઈને ............ માર્ગને સાધે તે મહાવીરને જાણે છે.

(૧૬) વસ્ત્રવાળા સાધુ માનીએ તો ............ અને કુગુરુ સેવનનો દોષ લાગે.

(૧૭) મિથ્યાદષ્ટિપણે .................. ઉપર ઉપસર્ગ કર્યો તેથી રાજા શ્રેણિકે ..........નું આયુષ્ય બાંધ્યું.

(૧૮) શ્રેણિક રાજાએ સમ્યક્દર્શન પામી ............. પ્રભુના ચરણોમાં ............ ભાવના ભાવી તીર્થંકર નામકર્મ બાંધ્યું.

(૧૯) રામચંદ્રજી અને હનુમાનજી .............. થઈને મોક્ષ પામ્યા.

(૨૦) દેવ એટલે ................ પદને પામેલા ભગવાન.

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન જુલાઈ–૨૦૧૭ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) પ્રશમ | (૮) અગુરુલઘુ | (૧૫) ૨૩ |
| (૨) શુદ્ધ | (૯) ભાવકર્મ | (૧૬) કાળ |
| (૩) આજ્ઞા | (૧૦) શ્રીકૃષ્ણ | (૧૭) ૧૭૦ |
| (૪) એક | (૧૧) ૭૧૮ | (૧૮) સ્વસ્તિક |
| (૫) પર્યાય | (૧૨) રૌદ્રધ્યાન | (૧૯) વિપર્યય |
| (૬) ઘાતિ | (૧૩) સ્વાધ્યાય | (૨૦) નિર્વિચિકિત્સા |
| (૭) બડવાની | (૧૪) ૪ | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ–૨૦૧૭ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) ચૈતન્ય | (૮) મોક્ષ | (૧૪) આત્મા આનંદ |
| (૨) સુખ | (૯) શુદ્ધ જ્ઞાનદર્શનમય | (૧૫) સ્વભાવ સુખી |
| (૩) જ્ઞાન | (૧૦) વીતરાગ – સુખી | (૧૬) આત્મા |
| (૪) મિથ્યાત્વ | (૧૧) દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગ | (૧૭) દુઃખ |
| (૫) વીતરાગવિજ્ઞાન | | (૧૮) સુખ |
| (૬) વીતરાગવિજ્ઞાન | (૧૨) નિરાકુળ | (૧૯) અજ્ઞાન – રાગદ્વેષ |
| (૭) સંસાર | (૧૩) વીતરાગવિજ્ઞાન | (૨૦) રાગ-ધર્મ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● હે ભગવાન ! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે ? અહા ! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે. ૨૪૪.

● અશુભના ફળ પ્રત્યે જેને દ્વેષ છે તેણે અશુભભાવને હેય માન્યો નથી. શુભભાવના ફળમાં જેને ગલગલિયા થઈ જાય છે અને મીઠાશ આવે છે તેણે શુભભાવને હેય માન્યો નથી. ૨૪૫.

● બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે તો તેને એમ થઈ જાય કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો ! પણ આત્માના ભાન વિના ઉલટું શલ્ય વધાર્યું છે, મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. ૨૪૬.

● એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું, શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું, એમ શ્રદ્ધા નહીં કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૨૪૭.

● ભાઈ ! સંયોગોનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો ? બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય. અને કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે. ૨૪૮.


● રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે. રાગ મારો છે તેમ માનનાર પોતાના જીવને મારે છે અને રાગ મારો નથી તેમ માનનાર પોતાના જીવને બચાવે છે. ૨૪૯.

● પુણ્ય-પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે, તેનું જે પોષણ કરે છે તેણે કષાયખાના માંડ્યા છે. ૨૫૦.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૧૭
અંક-૧૨ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-8-2017
Posted on 1-8-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org